RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 256* Date: 13.07.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ગુજરાતના ૬ જિલ્લામાં પૂર, રાજસ્થાન-મહારાષ્ટ્રમાં પણ ચેતવણી

નવીદિલ્હી,તા.૧૨

આસામ,ગુજરાત અને મહારાષ્ટ્ર બાદ હવે મધ્ય પ્રદેશમાં પણ ભારે વરસાદનું હાઈ એલર્ટ આપવામાં આવ્યું છે. મોસમ વિભાગની માહિતી પ્રમાણે મધ્ય પ્રદેશના ભોપાલ, ઈંદોર અને જબલપુર સહિત ૩૩ જિલ્લામાં ભારે વરસાદ અને પૂર અંગે એલર્ટ આપવામાં આવ્યું છે. છેલ્લા બે-ત્રણ દિવસથી રાજ્યમાં ધીમો ધીમો વરસાદ વરસી રહ્યો છે.

બીજી બાજુ, તેલંગાણામાં ગોદાવરી નદી બીજા ખતરનાક સ્તરના નિશાનને પાર કરી લીધુ છે. વોટર લેવલ ૫૦.૪ ફૂટ સુધી પહોંચી ગયું છે. જેથી ભદ્રાચલમમાં પૂર આવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. કર્ણાટકમાં પણ હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દિલ્હી-એનસીઆર તથા મધ્ય પ્રદેશમાં વરસાદ થયો હતો જ્યારે રાજસ્થાનમાં આગામી બે દિવસમાં વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત બિહાર, ઝારખંડ તથા ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં પણ હજુ વરસાદ જોવા મળતો નથી. અહીં હવે આગામી ૪ દિવસમાં વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગે કહ્યું છે કે મધ્યપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, તેલંગાણા સહિત ૨૫ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે. મહારાષ્ટ્રમાં એક જૂનથી અત્યારસુધી વરસાદ અને પૂરને કારણે ૭૬ લોકોના જીવ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯ લોકોનાં મોત થયાં છે. મહારાષ્ટ્રના રત્નગિરિ સહિત ૪ જિલ્લામાં ઓરેન્જ અને ૮ જિલ્લામાં વરસાદનું યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આસામમાં પૂરના પાણીમાં તણાઈ જવાથી ૨ લોકોનાં મોત થયાં છે. રાજસ્થાનમાં પણ આગામી ૨ દિવસ સુધી વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે પંજાબમાં વરસાદ દરમિયાન રોડ નિર્માણના કારણે રાજ્ય સરકારના ૪



અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે બિહાર, ઝારખંડ, દિલ્હી અને ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં સંપૂર્ણ રીતે ચોમાસું આવ્યું નથી.

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી ગુજરાતમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હાલ એનડીઆરએફની ૧૩ અને એસડીઆરએફની ૧૬ પ્લટૂનની ટીમ તહેનાત કરવામાં આવી છે. વડોદરાથી એસડીઆરએફની ૧ પ્લટૂન ટીમ મદદ માટે છોટાઉદેપુર મોકલવામાં આવી છે. છોટાઉદેપુરથી ૪૦૦, નવસારીમાં ૫૫૦ અને વલસાડમાં ૪૭૦ લોકો તથા રાજ્યમાં ૩,૨૫૦ લોકોને સુરક્ષિત જગ્યાઓ પર પહોંચાડવામાં આવ્યા છે. રાજ્યમાં ૧૦ જુલાઈએ ભારે વરસાદને કારણે ૩૮૮ રસ્તા બંધ છે.

મધ્યપ્રદેશમાં ભોપાલમાં ૬ ઇંચ વરસાદ, ૧૭ વર્ષમાં પહેલીવાર જુલાઈમાં બેવાર ૪.૫ ઈંચથી વધુ થયો છે. ઘણા વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી ૩ દિવસ સુધી રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ભોપાલમાં અડધીરાત પછીથી છ કલાકમાં ૫ ઈંચથી વધારે વરસાદ થયો છે.

રવિવારે આખો દિવસ તડકો રહ્યો હતો, પરંતુ સાંજે ૭ વાગ્યા પછી વરસાદ શરૂ થયો હતો. રાતે ૮.૩૦ પછી એક ઈંચ વરસાદ થઈ ગયો હતો, એટલે કે ૨૦ કલાકમાં ૬ ઈંચથી વધારે વરસાદ થયો હતો. ઈન્દોર, ઉજ્જૈન, ગ્વાલિયરમાં પણ આ જ હાલ ત રહી હતી. અહીં ઘણા વિસ્તારોમાં ૧થી ૯ ઈંચ વરસાદ નોંધાયો હતો.

રાજસ્થાનમાં ચોમાસું ભલે ૮ દિવસ મોડું આવ્યું હોય, પરંતુ સતત વરસાદથી ૬ જિલ્લામાં વરસાદનો કોટા પૂરો થઈ ગયો છે. અત્યારસુધી માત્ર ઉદયપુરમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો છે. ૧ જૂનથી ૧૦ જુલાઈ સુધીના વરસાદના આંકડા જોઈએ તો આ સમયમાં ગયા વર્ષે માત્ર ૨ જિલ્લામાં સામાન્ય કરતાં વધારે વરસાદ, જ્યારે ૨૦ જિલ્લામાં પૂરો વરસાદ થયો હતો. સામાન્ય કરતાં ઓછો વરસાદ પણ અત્યારસુધી માત્ર ૪ જિલ્લામાં નોંધાયો છે. ગયા વર્ષે આ સમયે ૨૬ જિલ્લામાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થયો હતો.બિહારના પટના, ગયા, નાલંદા, શેખપુરા સહિત ૮ જિલ્લામાં હવામાન શુષ્ક રહેશે. ગરમી અને ગરમ પવન ફૂંકાશે.

૩૦ જિલ્લામાં અમુક જગ્યાએ સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ટ્રફ રેખા બિકાનેર, શિવપુરી, સતના, ઝાંસી થઈને દક્ષિણ ઓડિશા, ઉત્તર આંધ્ર પ્રદેશ અને બંગાળની ખાડી તરફ જઈ રહી છે. એના પ્રભાવથી ઉત્તર બિહારની સાથે જ દક્ષિણ પશ્ચિમ અને પૂર્વ બિહારમાં અમુક જગ્યાએ સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. આ સ્થિતિ બે દિવસ સુધી રહેવાનો અંદાજ છે. ત્યાર પછી બિહારમાં સામાન્ય વરસાદ થવાની શક્યતા છે. ૧૩ જુલાઈથી બિહારના દક્ષિણ ભાગમાં મોટા ભાગની જગ્યાએ સિસ્ટમ સક્રિય થવાની શક્યતા છે, જેનાથી મધ્યમ વરસાદ થશે.

હવામાન વિભાગે કેરળ, કર્ણાટક, તેલંગાણા અને મહારાષ્ટ્ર માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા પ્રમાણે, કેરળના ચાર જિલ્લા કોઝીકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડમાં આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. તેલંગાણા અને મહારાષ્ટ્ર શનિવારથી રેડ એલર્ટ પર છે. તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે પણ ભારે વરસાદ સાથે જોડાયેલા વિભાગને જરૂરી પગલાં લેવા કહ્યું છે. એ સાથે જ લોકોને અપીલ કરી છે કે જ્યાં સુધી કોઈ ઈમર્જન્સી ના હોય ત્યાં સુધી ઘરની બહાર નીકળવું નહીં.

# દિલ્હીમાં અત્યાર સુધીમાં ડેન્ગ્યુના ૧૫૩ કેસ નોંધાયા

## ગયા વર્ષે ૧ જાન્યુઆરીથી ૯ જુલાઈ વચ્ચેના સમયગાળામાં દિલ્હીમાં ડેન્ગ્યુના ૩૮ કેસ નોંધાયા હતા

નવીદિલ્હી,તા.૧૨

આ વર્ષે અત્યાર સુધીમાં રાષ્ટ્રીય રાજધાનીમાં ડેન્ગ્યુના ૧૫૦ થી વધુ કેસ નોંધાયા છે. જેમાં જુલાઈમાં દસ કેસ નોંધાયા હતા. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. અહેવાલ મુજબ. ૨ જુલાઈ સુધી દિલ્હીમાં ડેન્ગ્યુના ૧૪૩ કેસ નોંધાયા હતા અને ૯ જુલાઈના રોજ આ સંખ્યા વધીને ૧૫૩ થઈ ગઈ હતી. અહેવાલ મુજબ. રાષ્ટ્રીય રાજધાનીમાં જાન્યુઆરીમાં ૨૩, ફેબ્રુઆરીમાં ૧૬, માર્ચમાં ૨૨, એપ્રિલમાં ૨૦, મેમાં ૩૦ અને જૂનમાં ૩૨ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા. જ્યારે જુલાઈ માસમાં ૯મી તારીખ સુધીમાં દસ દર્દીઓ સામે આવ્યા છે.અહેવાલમાં ઉલ્લેખ કર્યો છે. “આ વર્ષે ૯ જુલાઈ સુધી દિલ્હીમાં ડેન્ગ્યુના કુલ ૧૫૩ કેસ નોંધાયા છે. જોકે. હાલમાં, શહેરમાં આ મચ્છરજન્ય રોગથી મૃત્યુનો એક પણ કેસ નોંધાયો નથી. અહેવાલ મુજબ, ગયા વર્ષે ૧ જાન્યુઆરીથી ૯ જુલાઈ વચ્ચેના સમયગાળામાં દિલ્હીમાં ડેન્ગ્યુના ૩૮ કેસ નોંધાયા હતા. એવું કહેવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯ અને ૨૦૨૦માં, ૧ જાન્યુઆરીથી ૯ જુલાઈની વચ્ચે નોંધાયેલા ડેન્ગ્યુના કેસોની સંખ્યા અનુક્રમે ૭૭. ૩૬. ૨૭ અને ૨૨ હતી.

ડેન્ગ્યુના મોટાભાગના કેસો સામાન્ય રીતે જુલાઇ અને નવેમ્બરની વચ્ચે નોંધાય છે. જોકે. આ સમયગાળો ડિસેમ્બરના મધ્ય સુધી વધી શકે છે. એમસીડી અધિકારીઓનું કહેવું છે કે આ વર્ષે રાષ્ટ્રીય રાજધાનીમાં પહેલાથી જ ડેન્ગ્યુના કેસ નોંધાઈ રહ્યા છે. કારણ કે હવામાન મચ્છરોના ઉત્પત્તિ માટે અનુકૂળ છે. ગયા વર્ષે રાષ્ટ્રીય રાજધાનીમાં ડેન્ગ્યુના કુલ ૯.૬૧૩ કેસ નોંધાયા હતા. જે ૨૦૧૫ પછી સૌથી વધુ છે. તે દરમિયાન દિલ્હીમાં ડેન્ગ્યુના કારણે ૨૩ દર્દીઓના મોત થયા હતા. દિલ્હીમાં ડેન્ગ્યુથી મૃત્યુનો આ આંકડો ૨૦૧૬ પછી સૌથી વધુ છે.

દિલ્હીમાં ૨૦૧૯માં બે ડેન્ગ્યુ, ૨૦૧૮માં ચાર અને ૨૦૧૭માં ૧૦ મોત નોંધાયા હતા. સત્તાવાર આંકડાઓ અનુસાર. ૨૦૧૬માં દિલ્હીમાં ૪.૪૩૧ ડેન્ગ્યુ. ૨૦૧૭ માં ૪.૭૨૬. ૨૦૧૮ માં ૨.૭૯૮. ૨૦૧૯માં ૨.૦૩૬ અને ૨૦૨૦માં ૧.૦૭૨ કેસ નોંધાયા હતા. શહેરમાં ૨૦૧૫માં ડેન્ગ્યુનો વ્યાપક પ્રકોપ જોવા મળ્યો હતો અને માત્ર ઓક્ટોબર મહિનામાં જ ૧૦,૬૦૦ નવા કેસ નોંધાયા હતા. ૧૯૯૬ પછી દિલ્હીમાં ડેન્ગ્યુનો આ સૌથી ભયાનક પ્રકોપ હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ વર્ષે અત્યાર સુધીમાં દિલ્હીમાં મેલેરિયાના ૨૮ અને ચિકનગુનિયાના ૮ કેસ નોંધાયા છે.

## પાક.કોલમનિસ્ટે કરેલા દાવાથી ખળભળાટ મચ્યો

# કોંગ્રેસ શાસનમાં કેટલીય વાર ભારત આવ્યો હતો અને ગુપ્ત જાણકારી મેળવી આઇએસઆઇને આપી હતી

## આઇએસઆઇની પાસ ભારતના દરેક શહેરની જાણકારી છે અને આઇએસઆઇના લોકો આ શહેરોમાં એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે.

નવીદિલ્હી,તા.૧૨

પાકિસ્તાનના ખ્યાતનામ કોલમનિસ્ટ નુસરત મિર્ઝાએ યુ-ટ્યૂબર શકીલ ચૌધરીને આપેલા ઈંટરવ્યૂમાં કેટલાય ચોંકાવનારા દાવા કર્યા છે. નસરતે જણાવ્યું હતું કે, તે કેટલીય વાર ભારત આવ્યા અને અહીં તેમણે ઈંટેલીજેંસ એજન્સી આઈએસઆઈ માટે કેટલીય જાણકારી એકઠી કરી હતી. મિર્ઝાએ ઈન્ટરવ્યૂમાં પોતાના વર્ષ ૨૦૧૧માં આવેલા પ્રવાસનો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક વાર નિમંત્રણ પર ભારત આવ્યા હતા. તેમણે ભારતના પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ હામિદ અંસારીનું નામ લીધું છે.

તેમનું કહેવુ છે કે, તે છેલ્લી વાર મિલ્લી ગેજેટ અખબારના માલિક ફરુલ ઈસ્લામના નિમંત્રણ પર ભારત ગયા હતા. અહીં તેમણે કેટલીય જાણકારીઓ મળી હતી, જે તેમણે આઈએસઆઈના વડાને આપી હતી. મિર્ઝાના જણાવ્યા અનુસાર આઈએસઆઈની પાસ ભારતના દરેક શહેરની જાણકારી છે અને આઈએસઆઈના લોકો આ શહેરોમાં એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. મિર્ઝાએ જણાવ્યું છે કે, જે સમયે કોંગ્રેસ શાસનમાં હતી, તેઓ આતંકવાદ પર થયેલા એક સેમિનારમાં સામેલ થવા માટે ભારત ગયા હતા. તેમનું કહેવુ છે કે, પાકિસ્તાનમાં લોકો એક્સપર્ટ નથી, કારણ કે તેઓ મુગલ છે અને તેમણે દેશ પર રાજ કર્યું છે તેથી ત્યાંથી સ્થિતિથી વાકેફ છે. પાકિસ્તાન, ભારતની સંસ્કૃતિને તો સમજે જ છે, સાથે જ તેમની નબળાઈઓને પણ સારી રીતે જાણે છે. અહીં સમસ્યા એ છે કે તેમણે ભારતને લઈને જે પણ જ્ઞાન મેળવ્યું છે, તેનાથી તેને કોઈ મતલબ નથી.

વર્ષ ૨૦૧૧માં જ્યારે તેઓ ભારતથી પાછા આવ્યા ત્યારે પાકિસ્તાન ગયા અને તે સમયે આઈએસઆઈના રિટાયર થઈ રહેલા ડીજીઆઈએસએ કહ્યું કે, જે પણ જાણકારી મેળવી છે, તે આઈએસઆઈના નવા ચીફ જનરલ કિયાનીને આપે. તેના પર મિર્ઝાએ તેમની વાતને ફગાવી દીધી અને કહ્યું કે, તે ખુદ કિયાનીને જ જાણકારી આપી દે. આપને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૧માં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી, મિર્ઝા તરફથી જે પણ જાણકારી મળી, તે બાદ પાક આર્મી બ્રિગેડિયર તરફથી તેને ફોન ગયો. આ ફોન કોલમાં કહેવામાં આવ્યું કે, આવી જ માહિતી જો વધુ મળી જાય તો સારામાં સારુ, મિર્ઝાએ જે પણ કહ્યું કે, તે એ બતાવવા માટે પુરતું હતું કે કેવી રીતે પાક ઈંટેલીજેંસ એજન્સી ભારત વિરુદ્ધના ષડયંત્રોને પાર કરવા માટે લોકોના ઉપયોગ કરી રહી છે.

મિર્ઝાની વાત માનીએ તો, પાકિસ્તાન હવે રણનીતિક બાબતોમાં ધ્વસ્ત થયું છે. ચીને પાકિસ્તાનને સાઈડમાં કરી નાખ્યું છે અને બીજા દેશ પણ સતત તેને નજરઅંદાજ કરી રહ્યા છે. હવે ખતરો વધી ગયો છે કે ક્યાંક ભારતને સુરક્ષા પરિષદમાં સ્થાયી સીટ ન મળી જાય. જો આવું થશે તો ચીન અને દુનિયાના બાકીના દેશોની નજરમાં પાકિસ્તાન ફરી નીચે પડી જશે. આ ઈન્ટરવ્યૂમાં તેમણે અમેરિકા પર કેટલાય આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે, અમેરિકાના કારણે જ પાકિસ્તાનમાં ભૂકંપ આવ્યો અને બાદમાં સુનામી પણ વેઠવી પડી. તેમણે કહ્યું કે, અમેરિકા પહેલા જ પાકિસ્તાનથી કંટાળી ચુક્યું હતુ અને હવે ચીન પણ કંટાળ્યું છે. હવે તે પાકિસ્તાનની હિતની જગ્યા, તેને પ્રયોગ તરીકે ઉપયોગમાં લેવાનું વિચારી રહ્યા છે.

**હવે ખતરો વધી ગયો છે કે ક્યાંક ભારતને સુરક્ષા પરિષદમાં સ્થાયી સીટ ન મળી જાય. જો આવું થશે તો ચીન અને દુનિયાના બાકીના દેશોની નજરમાં પાકિસ્તાન ફરી નીચે પડી જશે. આ ઈન્ટરવ્યૂમાં તેમણે અમેરિકા પર કેટલાય આરોપ લગાવ્યા છે**

# બાળકોને પ્રદર્શનનો હિસ્સો બનાવતા આદિત્ય ઠાકરેની વિરૂધ્ધ એફઆઇઆર દાખલ થશે

મુંબઇ,તા.૧૨

મહારાષ્ટ્રની રાજનીતિમાં ઠાકરે પરિવારની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લઇ રહી નથી હવે આદિત્ય ઠાકરેની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવે તેવી સંભાવના છે.આરોપ છે કે તેમણે એક વિરોધ પ્રદર્શન દરમિયાન બાળકોનો સહારો લીધો હતો તેમને પણ પ્રદર્શનનો હિસ્સો બનાવ્યા હતાં આ મામલાને ધ્યાનમાં લઇ બાલ સંરક્ષણ પંચે આદિત્યની વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવાની વાત કહી છે.આ સંબંધમાં મુંબઇ પોલીસને એક નોટીસ પણ આપવામાં આવી છે.

એ યાદ રહે કે રવિવારે આદિત્ય ઠાકરેએ એક વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો આદિત્યે આરે કોલોનીમાં બની રહેલ મેટ્રો શેડની વિરૂધ્ધ પ્રદર્શન કર્યું હતું તે પ્રદર્શનમાં કેટલાક નાના બાળકો પણ સાથે જોવા મળ્યા હતાં હવે આજ કારણે આદિત્ય ઠાકરે મુસીબતમાં ફસાઇ ગયા છે.તેમના પર આરોપ છે કે એક રાજનીતિક પ્રદર્શનમાં તેમણે બાળકોનો ઉપયોગ કર્યો છે.

હાલ બાલ સંરક્ષણ પંચે મુંબઇ પોલીસ કમિશ્નરને નોટીસ જારી કરી છે ત્રણ દિવસની અંદર આદિત્ય ઠાકરેની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવાની વાત કહેવામાં આવી છે.એફઆઈઆર દાખલ કર્યા બાદ પોલીસને બાલ સંરક્ષણ પંચને એક વિસ્તૃત રિપોર્ટ આપવો પડશે આવામાં આદિત્યની મુશ્કેલીઓ વધી શકે તેમ છે.

આ સમગ્ર વિવાદ પર આદિત્ય ઠાકરેની પણ પ્રતિક્રિયા આવી છે.

તેમણે ફરિયાદ પર તો કાંઇ કહ્યું નથી પરંતુ એકવાર ફરી આરે જંગલોને બચાવવાની વકાલત કરી છે તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં આરેના જંગલોનું ખાસ મહત્વનું છે.ઉદ્ધવજીએ આરેના ૮૦૮ એકર જમીનને જંગલ જાહેર કરી હતી પોતાની લાલ માટે જંગલોને આમ બરબાદ કરી શકાય નહીં

મહા વિકાસ અઘાડીની સરકારે ૨૦૨૦માં મેટ્રો કાર શેડ મુંબઇના કાંજુરમાર્ગમાં શિફટ કરી દીધી હતી પરંતુ હવે શિંદે સરકારે ફરી આ પ્રોજેકટનું નિર્માણ આરેમાં શરૂ કરાવવાની હિમાયત કરી છે આ મુદ્દા પર હાલ ઠાકરે વિરૂધ્ધ શિંદેની તકરાર જોવા મળી રહી છે.

# લાલુ પ્રસાદ યાદવને એમ્સમાં શ્રીમદ ભગવદ્ ગીતાના પાઠ કરવાથી અટકાવાયા : તેજ પ્રતાપ

નવીદિલ્હી,તા.૧૨

રાજદ સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ હાલમાં દિલ્હીની એઈમ્સમાં દાખલ છે. પરંતુ હવે આ બધાની વચ્ચે આવી રહેલા મોટા સમાચાર અનુસાર તેમના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવને મંગળવારે ટ્વીટ કરીને જાણકારી આપી કે લાલુ પ્રસાદ યાદવને એમ્સમાં શ્રીમદ ભગવદ્ ગીતા ના પાઠ કરવા અને સાંભળવાથી રોકવામાં આવ્યા છે.

વાસ્તવમાં, હવે તેજ પ્રતાપ યાદવે ટ્વીટ કરીને લખ્યું છે કે, “પિતાને હોસ્પિટલમાં શ્રીમદ ભગવદ્ ગીતા વાંચતા અને સાંભળતા અટકાવવામાં આવ્યા હતા, જયારે પિતાને ગીતા વાંચવાનું અને સાંભળવાનું પસંદ છે. જે અજ્ઞાની તેમને ગીતા વાંચતા અટકાવે છે તે જાણતા નથી કે તેમણે આ જ જન્મમાં જ આ મહાપાપની કિંમત ચૂકવવી પડશે.

લાલુ યાદવની મોટી પુત્રી મીસા ભારતીએ કહ્યું હતું કે, ‘તમારા મનોબળ અને તમારી પ્રાર્થનાના કારણે લાલુ યાદવની હાલત હવે ઘણી સારી છે. કૃપા કરીને અફવાઓ પર ધ્યાન ન આપો. લાલુ યાદવને તમારી પ્રાર્થનામાં યાદ રાખો. ઉલ્લેખનીય છે કે, લાલુ યાદવ સીડી પરથી પડી ગયા હતા.

જેના કારણે તેના જમણા ખભામાં ફ્રેકચર થયું હતું અને ગ્રોઈનમાં ઈજા પણ થઈ હતી.

આ પહેલા લાલુ યાદવની પુત્રી મીસા ભારતીએ ટ્વીટ કરીને લાલુ યાદવનો ફોટો શેર કર્યો હતો. આ તસવીરોમાં લાલુ પ્રસાદની તબિયત પહેલા કરતા સારી દેખાઈ રહી હતી અને તેઓ ખુરશી પર બેઠેલા જોવા મળ્યા હતા. મીસાએ કહ્યું હતું કે લાલુ યાદવની તબિયતમાં ઘણો સુધારો થયો છે. તેણે કહ્યું કે તેના પિતા દરેક મુશ્કેલી સામે લડીને બહાર આવવાની કળા જાણે છે.

## તંત્રી સ્થાનેથી...

# સળગતી લંકા

*પોતાના ઈતિહાસના સૌથી કઠણ કાળમાંથી પસાર થઈ રહેલા શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ રાજીનામું આપવાની ઓફર કરીને સર્વપક્ષીય સરકારની રચના કરવાની જે પહેલ કરી, તેનાથી સંકટનું સમાધાન થાય તેવું લાગતું નથી. એનું કારણ એ છે કે એવી કોઈ પહેલ બહુ પહેલાં અને વિશેષ રૂપે તો ત્યારે કરવી જોઈતી હતી, જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું હતું કે ગોટાબાયા રાજપક્સે સરકારની નીતિઓએ અર્થવ્યવસ્થાને ખસ્તા હાલ બનાવી દીધી છે અને શ્રીલંકા દેવાળું ફૂંકવાના આરે છે. બેલગામ મોંઘવારી, પેટ્રોલ-ડીઝલની અછતની સાથે તેના આકાશે આંબતા ભાવ અને વીજળી સંકટની સાથે દવાઓના અભાવે શ્રીલંકાની જનતાને ભારે ત્રસ્ત કરી દીધી હતી, પરંતુ રાષ્ટ્રપતિ રાજપક્સે કોરાં આશ્વાસન આપવા સુધી સીમિત રહ્યા. તે સમસ્યાઓનું ઠોસ સમાધાન શોધવાને બદલે સત્તા પર આસન્ન પોતાના પક્ષને બચાવવાના પ્રયત્નો કરતા રહ્યા જ્યારે લોકોનો આક્રોશ વધ્યો તો તેમણે કટોકટીનો સહારો લેવાનું બહેતર માન્યું. એનાથી વાત ન બની તો તેમણે પોતાના પરિવારના સદસ્યોને સત્તામાંથી બહાર કરી દીધા, પરંતુ ખસ્તાહાલ અર્થવ્યવસ્થાને સંભાળવા અને પરેશાન જનતાનો ભરોસો જીતવા માટે જેવાં પગલાં ભરવાં જોઈતાં હતાં, તેનાથી બચતા રહ્યા. એ જ કારણે ભારત અને કેટલાક અન્ય દેશોની મદદ બાદ પણ હાલત બગડતી ગઈ. સતત બગડતી હાલતને કારણે જ આક્રોશિત જનતાએ રાષ્ટ્રપતિ ભવનમાં હુમલો કરી દીધો.*

*ખબર નહીં રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્સે શ્રીલંકામાં જ છે કે પછી દેશ છોડીને ચાલ્યા ગયા, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે તે પ્રબળ બહુમતી સાથે સત્તામાં આવ્યા હતા. સત્તામાં આવતાં જ તેમણે એવી નીતિઓ પર ચાલવાનું શરૂ કરી દીધું, જે શાસનના બુનિયાદી સિદ્ધાંતોની સાથે સાથે આર્થિક નિયમોની પણ વિરુદ્ધ હતી. તેમણે એક ખરાબ કામ એ પણ કર્યું કે પોતાના પરિવારના મોટાભાગના સદસ્યોને મહત્ત્વપૂર્ણ પદો પર બેસાડી દીધા. તેઓ ખુદ રાષ્ટ્રપતિ હતા તો તેમના ભાઈ વડાપ્રધાન. એક સમયે રાજપક્સે પરિવારના કમ સે કમ દસ સભ્યો સરકારના મહત્ત્વપૂર્ણ પદો પર આસન્ન હતા. સ્પષ્ટ છે કે તે દેશસેવાના નામ પર પરિવારની સેવામાં લાગ્યા હતા. બાકીની કસર તેમની લોકરંજક નીતિઓએ પૂરી કરી દીધી. તેમણે એક એવા સમયે લોકરંજક નીતિઓ પર ભાર મૂક્યો, જ્યારે કોવિડ મહામારીને કારણે અર્થવ્યવસ્થા સંકટમાં હતી અને વિદેશી મુદ્રા ભંડાર સતત ઘટતો જતો હતો. શ્રીલંકા આ સમયે બેવડા સંકટમાં છે. એક તરફ તે રાજકીય અસ્થિરતાથી ત્રસ્ત છે, ત્યાં જ બીજી અને ગહન આર્થિક સંકટથી. શ્રીલંકામાં જે કંઈ થઈ રહ્યું છે, તેનાથી દુનિયાની સાથે સાથે દેશના એ રાજ્યોએ પણ બોધ લેવાની જરૂર છે, જે આમદની અઠ્ઠન્ની ઔર ખર્ચા રૂપૈયા એ કહેવતને ચરિતાર્થ કરી રહ્યા છે.*

# ગુરૂપૂર્ણિમાનો મહિમા

ગુરૂપૂર્ણિમા એટલે સદગુરૂના પૂજનનું પર્વ.સદગુરૂનો આદર એ કોઇ વ્યક્તિનો આદર નથી પરંતુ સદગુરૂના દેહની અંદર જે વિદેહી આત્મા-પરબ્રહ્મ પરમાત્મા છે તેમનો આદર છે, જ્ઞાનનો આદર છે,જ્ઞાનનું પૂજન છે,બ્રહ્મજ્ઞાનનું પૂજન છે.

સદગુરૂ સર્વેશ્વરનો સાક્ષાત્કાર કરાવીને શિષ્યને જન્મ-મરણના બંધનથી મુક્ત કરે છે તેથી સંસારમાં સદગુરૂનું સ્થાન વિશેષ મહત્વનું છે.મહર્ષિ પરાશરની કૃપાથી ભગવાન વેદવ્યાસનું અવતરણ આ ભારત વસુન્ધરા ઉપર અષાઢ સુદ-પૂર્ણિમાના દિવસે થયું હતું.બદરીકાશ્રમમાં બોર ઉપર વનયાપન કરવાના કારણે તેમનું એક નામ "બાદનારાયણ" પણ કહેવામાં આવે છે.વ્યાસદ્વિપમાં પ્રગટ થયા એટલે તેમનું નામ "દ્વૈપાયન" પડ્યું. કૃષ્ણ (કાળા) હતા તેથી તેમને ""કૃષ્ણદ્વૈપાયન" પણ કહેવામાં આવે છે.તેમને વેદોનો વિસ્તાર કર્યો એટલે તેમનું નામ ""વેદ વ્યાસ" પડ્યું.જ્ઞાનના અસિમ સાગર.. ભક્તિના આચાર્ય.. વિદ્વતાની પરીકાષ્ઠા અને અથાહ કવિત્વ શક્તિ ધરાવનાર ભગવાન વેદ વ્યાસથી મોટા કોઇ કવિ મળવા મુશ્કેલ છે.

આ વ્યાસપૂર્ણિમાને સૌથી મોટી પૂર્ણિમા માનવામાં આવે છે કારણ કે પરમાત્માનું જ્ઞાન અને પરમાત્માની તરફ લઇ જનારી આ પૂર્ણિમા છે તેને વ્યાસપૂર્ણિમા પણ કહેવામાં આવે છે.જ્યાં સુધી મનુષ્યને સત્ય જ્ઞાનની જિજ્ઞાસા રહેશે ત્યાં સુધી આવા વ્યાસ પુરૂષોનું..બ્રહ્મજ્ઞાની સંત મહાપુરૂષોનું આદર પૂજન થતું રહેશે.વ્યાસપૂર્ણિમાના અવસર પર સત્સંગ સમારોહોનું ભવ્ય આયોજન કરવામાં આવે




છે.ભગવાન વેદવ્યાસે વેદોના વિભાગ કર્યા..બ્રહ્મસૂત્રોની રચના કરી..પાંચમો વેદ મહાભારત તથા ભક્તિ ગ્રંથ "શ્રીમદ્ ભગવદ ગીતાની રચના કરી તથા આ સિવાય અન્ય ૧૮ પુરાણો લખ્યા.વિશ્વમાં જેટલા પણ ધર્મગ્રંથો છે પછી ભલે તે કોઇપણ ધર્મ..પંથના હોય તેમાં જે કંઇ સાત્વિક અને કલ્યાણકારી વાતો લખવામાં આવી છે તે તમામ સીધી કે આડકતરી રીતે ભગવાન વેદ વ્યાસના શાસ્ત્રોમાંથી જ લેવામાં આવી છે એટલા માટે ""વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વમ્" કહેવામાં આવે છે.

વ્યાસ એ સમગ્ર માનવજાતિને સાચો કલ્યાણનો રસ્તો બતાવ્યો છે.વેદવ્યાસની કૃપા તમામ સાધકોના ચિત્તમાં ચિરસ્થાઇ રહે છે.જેના જેના અંતઃકરણમાં આવા વ્યાસનું જ્ઞાન..તેમની અનુભૂતિ અને નિષ્ઠા જોવા મળે છે તેવા પુરૂષો હજું પણ જે ઉંચા આસન ઉપર બેસે છે તે પીઠને આજે પણ ""વ્યાસપીઠ" કહેવામાં આવે છે.વ્યાસપીઠ ઉપરથી વ્યાસને અમાન્ય એવો એક પણ વિચાર કહી શકાય નહી તેથી વ્યાસપીઠ ઉપર બેસનારે વ્યાસ સાહિત્યનો ઉંડો અભ્યાસ કરવો જોઇએ.વ્યાસપીઠ પરથી કોઇની ખોટી નિન્દા કે ખુશામત કરી શકાય નહી,તેમની વાણી સરળ સ્પષ્ટ ઉંડી અને સમાજની ઉન્નતિ કરાવનારી હોવી જોઇએ.

વેદવ્યાસના શાસ્ત્ર શ્રવણ વિના ભારત તો શું વિશ્વનો કોઇપણ વ્યક્તિ આધ્યાત્મિક ઉપદેશક બની શકતો નથી.વેદવ્યાસનું આવું અગાધ જ્ઞાન છે.જે મહાપુરૂષોએ કઠોર પરીશ્રમ કરીને અમારા માટે જે કંઇ કર્યું છે તે મહાપુરૂષોના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર, ઋષિ ઋણ ચુકવવાનો અવસર, ઋષિઓની પ્રેરણા અને આર્શિવાદ પામવાનો અવસર છેઃવ્યાસ પૂર્ણિમા.

ભગવાન શ્રી રામ પણ પોતાના ગુરૂના દ્વારે જતા હતા અને માતાપિતા તથા ગુરૂદેવના શ્રીચરણોમાં વિનયપૂર્વક નમન કરતા હતા. "પ્રાતઃકાળ ઉઠી કૈ રઘુનાથા માતુ પિતા ગુરૂ નાવહિં માથા.." ગુરૂજનો શ્રેષ્ઠજનો તથા પોતાનાથી મોટાઓ(વડીલો)ના પ્રત્યે અગાધ શ્રદ્ધાનું આ પર્વ ભારતીય સનાતન સંસ્કૃતિનું વિશિષ્ટ પર્વ છે.ગુરૂપૂર્ણિમાએ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અને તપ વ્રત સાધનામાં આગળ વધવાનો આ તહેવાર છે.સંયમ સહજતા શાંતિ માધુર્ય તથા જીવતાં જીવ મધુર જીવનની દિશા બતાવનાર પૂર્ણિમા એટલે ગુરૂપૂર્ણિમા.ઇશ્વરની પ્રાપ્તિની સહજ સાધ્ય સાફ સુથરી દિશા બતાવનાર તહેવાર છેઃગુરૂપૂર્ણિમા.આ આસ્થાનું પર્વ છે,શ્રદ્ધાનું પર્વ છે,સમર્પણનું પર્વ છે.

જેવી રીતે જ્ઞાન-વિજ્ઞાન વિના મોક્ષ થઇ શકતો નથી તેવી જ રીતે સદગુરૂની અનુકંપા વિના જ્ઞાનની પ્રાપ્તિ થઇ શકતી નથી.સદગુરૂ આ સંસાર સાગરમાંથી પાર ઉતારનાર નાવિક અને તેમના દ્વારા આપવામાં આવતું જ્ઞાન નૌકા સમાન છે.મનુષ્ય આ જ્ઞાન પ્રાપ્ત કરીને ભવસાગરથી પાર ઉતરી શકે છે.

ગોસ્વામી તુલસીદાસજી મહારાજ રામચરીત માનસના આરંભમાં ગુરૂની વંદના કરતાં લખે છે કેઃ "બંદઉં ગુરૂ પદ કંજ કૃપા સિન્ધુ નરરૂપ હરિ,મહામોહ તમ પૂંજ જાસુ બચન રવિ કર નિકર" જે કૃપાના સાગર છે અને નરરૂપમાં શ્રી હરી છે તથા જેમનાં વચન મહા મોહરૂપ ઘોર અંધકારનો નાશ કરવા માટે સૂર્યનાં કિરણોના સમુહ સમાન છે એવા ગુરૂ મહારાજના ચરણકમળની હું વંદના કરૂં છું.

ગુરૂ શબ્દની વ્યાખ્યા અનેક રીતે કરવામાં આવે છેઃ જે શિષ્યના કાનમાં જ્ઞાનરૂપી અમૃતનું સિંચન કરે છે તે ગુરૂ છે.. જે પોતાના સદઉપદેશના માધ્યમથી શિષ્યનું અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ કરે છે તે ગુરૂ છે.. જે શિષ્યના પ્રત્યે ધર્મ વગેરે જ્ઞાતવ્ય તથ્યોનો ઉપદેશ આપે તે ગુરૂ છે.. જે વેદ વગેરે શાસ્ત્રોના રહસ્યને સમજાવી દે તે ગુરૂ છે.. જેમ જડ વસ્તુને ઉપર ફેંકવા ચેતનની જરૂર પડે છે તેમ જીવહીન અને પશુતુલ્ય બનેલા માનવને દેવત્વ તરફ મોકલવા જીવંત વ્યક્તિની આવશ્યકતા રહે છે,આ વ્યક્તિ એટલે ગુરૂ.. જે લઘુ નથી અને જે લઘુને ગુરૂ બનાવે છે, જીવને મનના વશમાં ના જવા દે પરંતુ જે મનનો સ્વામી છે તે ગુરૂ છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કેઃગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ બ્રહ્માની જેમ સદગુણોના સર્જક.. વિષ્ણુની જેમ સદવૃત્તિના પાલક અને મહાદેવની જેમ દુર્ગુણો અને દુર્વૃત્તિઓના સંહારક તેમજ જીવ-શિવનું મિલન કરાવનાર ગુરૂ એ સાક્ષાત પરબ્રહ્મ પરમાત્મા સમાન છે.ગુરૂ કેવા હોવા જોઇએ? તેના વિશે લખ્યું છે કેઃ બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ, દ્વન્દ્વાતીતં ગગનસદ્રશં તત્વમસ્યાદિલક્ષ્યમ. એકમ્ નિત્યમ વિમલમચલમ સર્વાધિસાક્ષીભૂતમ, ભાવાતિતમ ત્રિગુણરહીતમ સદગુરૂ તમ નમામિ.. બ્રહ્મના આનંદરૂપ, શિષ્યોને પરમ સુખ આપનાર, કૈવલ સ્વરૂપ જ્ઞાનની મૂર્તિ, સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોથી મુક્ત, આકાશ જેવા નિર્લેપ અને ગંભીર.. તત્વમસિ વગેરે મંત્રો જેનું લક્ષ્ય છે એવા એક સ્વરૂપ નિત્ય નિર્મળ અચળ સર્વની બુદ્ધિના સાક્ષીરૂપ સર્વભાવોથી મુક્ત અને ત્રણ ગુણ વિનાના(ગુણાતીત) એવા શ્રી સદગુરૂને હું નમન કરૂં છું.

જેમને જીવનમાં ભોગમાં પણ ભાવ જોયો તેમના શ્રીચરણોમાં ગયા પછી ભવની ભીતિ(જન્મ-મરણનો ભય) ચાલી જાય તે સદગુરૂ છે, તે જ્ઞાનની મૂર્તિ હોય છે.જ્ઞાન એટલે પ્રકાશ.જેની પાસે પ્રકાશ ઉત્સાહ ચૈતન્ય અને સ્ફુર્તિ છે તે જ્ઞાની, તે સુખ દુઃખમાં સમાન રહે છે.આકાશ જેમ બધી જગ્યાએ વ્યાપક છે છતાં નિર્લેપ રહે છે,આવી રીતે જ તે મહાપુરૂષ બધામાં ફરે સદગુણી-દુર્ગુણીમાં જાય, શ્રીમંત-ગરીબોમાં જાય તેમ છતાં નિર્લેપ રહે છે.તત્વમસિના ત્રણ અર્થ છેઃતેના લીધે તૂં છે.. તેનો તૂં છે અને તે જ તૂં છે.આ મહાપુરૂષનું કંઇ લક્ષ્ય હશે તો તે "તત્વમસિ છે.જેની પાસે ગયા પછી આપણું મન એક પરમાત્મામાં ચોંટી જાય.. કોઇપણ અવસ્થામાં હોઇશું.. આપણે આપણું પાપ પણ તેમની સામે ઓંકીશું તો પણ તે આપણાથી નારાજ થઇ નફરત કરતા નથી તે ગુરૂ..! તે વિમલ શુદ્ધ અને અચલ હોય છે. સત્તા સંપત્તિ કીર્તિ કે સ્ત્રીના ઝંઝાવતી પવનો તેને હલાવી શકતા નથી, તે ભાવથી અતિત હોય છે, તે ત્રણ ગુણોથી પર હોય છે.આવા તનુમાનસા સદગુરૂના શ્રી ચરણોમાં નમન થાય છે.

માનવને ડગલેને પગલે ગુરૂની આવશ્યકતા પડે છે.વર્તમાન સમયમાં સાત પ્રકારના ગુરૂઓ જોવા મળે છે.(૧) સૂચક ગુરૂઃ ફક્ત ધર્મગ્રંથોની સૂચના આપે છે. (૨)વાચક ગુરૂઃવર્ણાશ્રમ ધર્મ-અધર્મ ઉપર વ્યાખ્યાન આપે છે.(૩)બોધક ગુરૂઃફક્ત મંત્ર આપે છે.(૪)નિષિધ્ધ ગુરૂઃસંમોહન મારન વશીકરણ વગેરે તુચ્છ મંત્રોનું જ્ઞાન આપે છે. (૫)વિહિત ગુરૂઃસંસારમાંના દુઃખ અને નશ્વરતા સમજાવી વૈરાગ્યનો માર્ગ બતાવે છે. (૬)કારણ ગુરૂઃ મહામંત્રાનો આદેશ આપીને સાંસારીક રોગ દૂર કરે છે. (૭) પરમ ગુરૂઃ પરમાત્માનાં અંગસંગ દર્શન કરાવી દે છે.જે અહંકાર શૂન્ય તથા શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ હોય છે.આવા ગુરૂએ આપેલ જ્ઞાનથી જ શિષ્યનું કલ્યાણ થાય છે.ઘણા જન્મોના પુણ્યોથી આવા પરમ ગુરૂ મળે છે.જેને આવા ગુરૂ મળે છે તે જન્મ-મરણના ચક્કરમાંથી મુક્ત થાય છે. આ બધી વાતો વાંચી પ્રશ્ન થાય કે શું આપની દ્રષ્ટિમાં એવો કોઇ ગુરૂ છે જે સત્ય પરમાત્માની સાથે જોડે અને મને લક્ષચૌરાશીના આવાગમનથી મુક્ત કરી શકે,જેમના ચરણોની ભક્તિ કરવાથી મારૂં જીવન સાર્થક થાય? જો આવી જિજ્ઞાસા હોય તો સંપર્ક કરજો,આપે જિજ્ઞાસા અને વિશ્વાસનું પ્રમાણ આપવું પડશે.શંકરાચાર્યજીએ જિજ્ઞાસાને વૈરાગ્ય કહ્યો છે.વૈરાગ્ય અને વિશ્વાસની બે પાંખોથી ઉડીને સદગુરૂના શ્રી ચરણોમાં પહોચી શકાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# રાજુને પત્નીને ઉપાડીને દોડવાની સ્પર્ધામાં ભાગ લેવો છે

વરસો પહેલાં દૂરદર્શન ( વાસ્તવમાં એ ક્રૂરદર્શન હતું .કોઇ મહાનુભાવનું અવસાન થાય તો સાત સાત દિવસ તંબુરાવાદનના બોરિયત કાર્યક્રમ ચોવીસ કલાક ચલાવતા. મૃતકના ઘરે ડોમીનોઝ પિત્ઝા આરોગતા હોય અને બિટલ્સ-માઇકલ જેકશનના મ્યુઝિક વાગતા હશે આપણા ડ્રોઇંગરૂમમાં સફેદ સાડલાવાળી ન્યુઝ એંકરો અને શકોરા જેવા શકોરા વાદન માથા પર મારતા હતા. કપાસની ખેતીમાં કિટકોનો નાશ કરવાના રસાયણોની ગંધથી નાક ભરાઇ જતા ,એ નફામાં!! દુરદર્શન લેટ નાઇટ એડલ્ટ ફિલ્મો દેખાડવાના નામે બધાને જગાડે. પછી રાતના બે વાગ્યે નિરાશ રસિકજનોની ગાળો ખાતું હતું. અલબત , રવિવારે પ્રસારિત રંગોળી કે શુક્રવારે આવતા ચિત્રાહાર રણમાં મીઠી વિરડી સમાન હતા. તમસ, નુક્કડ, યહ જો હૈ જીંદગી, માલગુડી ડેઝ વગેરે કાર્યક્રમો નિર્વિવાદ બેસ્ટ હતા!!

દૂરદર્શન પર વિક્રમ ઔર વૈતાલ નામે સિરિયલ આવતી હતી. જેમાં વિક્રમ રાજા વૃક્ષ પરથી વૈતાલનું મડદું ખભે નાંખી ચાલતા હોય, વૈતાલ એક કે બાદ એક વાર્તા કરે. વિક્રમે મૌન રહેવાનું હોય તેવી શરત હોય. વાર્તાના અંતે વૈતાલ એક કોયડો/ સવાલ રજૂ કરે અને કહે કે બોલ વિક્રમ જવાબ નહીં દે તો તું મરી જઇશ. વિક્રમ નાઇલાજે જવાબ આપે એટલે વૈતાલ બોલે ," તું બોલા મૈં ચલા " કહી વૃક્ષ પર લટકી જાય!!!

સવાલ એ થાય કે વિક્રમ રાજાને કોઇ કામ ધંધો નહીં હોય, દરબાર ભરવાનો, રુક્કા પર દસ્તખત કરવા, કાલિદાસ કવિ સાથે વિધ્યા વ્યાસંગ કરવા, મૃગયા ખેલવા કે રાણી-મહારાણી સાથે પ્રણયકેલિ કરવાના કામો નહીં હોય કે આ ભરડ્યા સ્મશાનમાં અને નાતાલનું મડદુ ખભે નાંખી વૈતાલની વાર્તા સાંભળી, જવાબ આપતાં જ વૈતાલ ઉડીને વૃક્ષે લટકી જાય એટલે મેં વકાસી બુધ્ધુ બન્યાનો અહેસાસ કરવાનો? આ કાંઇ સારા રાજાના લક્ષણ છે? રાજમાતા ખિજાતા નહીં હોય???

મડદું હલનચલન ન કરી શકે તો બોલવાની પતર કયાં ખાંડવાની ? મડદું કોઇ ષોડશીને આંખ મારે તો હોંબા થઇ જાય!! વૈતાલનુ ડેથ સર્ટિફિકેટ ઇસ્યુ કરનાર ડોકટરે ગોટાળા કર્યા હશે!??એક ઝેન સાધુએ નદીમાં પાણી વધારે હોવાથી એક યુવતીને ખભે બેસાડી નદી પાર કરાવેલી. સાધુ એ ઘટના ત્યાં જ વિસરી ગયા. ચાર પાંચ દિવસ પછી તેના શિષ્યે આ ઘટના યાદ કરી અવઢવ રજૂ કરી. ઝેન સાધુએ કહ્યું કે તેમણે આ ઘટના વિસારી દીધી છે પણ તારા મગજમાંથી એ ઘટના નીકળી નથી!!

સતી તોરલને જેસલના ઘરે મુકવા કોરલનો પતિ તોરલને તેના ખભે બેસાડીને લઇ ગયા હોવાની લોકમાન્યતા છે. આપણા મૂર્ધન્ય સાહિત્યકાર ચં.ચી. મહેતાએ તેની પત્ની જેને પસંદ કરતી હતી તેની સાથે જવાની પરમિશન આપી હતી. યોગાનુયોગે તેણી અવસાન પામી. પેલો મિત્ર રડતો હતો. ચં.ચી.એ તેને આશ્વાસન આપતા કહ્યું કે રડ નહીં હું બીજી વાર ( તારા લાભાર્થે)

લગ્ન કરવાનો છું . આને બ્લેક હ્યુમન કહેવાય!

અમે રામોજી રાવ ફિલ્મ સ્ટુડિયો જોવા ગયેલા. અમારા ગાઇડ તરીકે ટેકનિશ્યન કહેવાય તેવી વ્યકિત હતી.

એમને મફતમાં સેલિબ્રિટી બની જતા એકટર માટે ભરપૂર નફરત હોય! એટલે ચેન્નાઇ એકસપ્રેસના શુંટિંગની વાત કરતા ભડાશ કાઢી કહેલું કે સામે જે પચાસ- સાંઠ પગથિયા છે તેની ઉપર આવેલા મંદિરે શાહરૂખખાન અને દીપિકાએ પહોંચવાનું હતું. સિનની સિચ્યુએશન મુજબ શાહરૂખખાન દીપિકાને ઉંચકીને ઉપર આવેલા મંદિર જવાનું હતું.

પેલા ટેકનિશ્યનના શબ્દોમાં " શાહરૂખખાન બુઢ્ઢા હો ગયેલા ઔર દિપિકા મોટી(જાડી) હો ગયેલી.શાહરૂખ કેવલ ચાર પગથિયા ચડ પાયા . બાકી કા પગથિયા કેમેરા ટેકનિકથી શૂટ કરેલા .

આમ, તો લગ્ન કરો ત્યારથી પત્ની વૈતાલની જેમ તમારા ખભે અદ્રશ્ય રીતે તમારા ખભા પર સજ્જડબમ બેસી જાય છે. માનો કે ભોજરાજાના સિંહાસન પર બિરાજમાન ન થઇ હોય!!કદમને ક્યાંય આડાઅવળા થવા ન દે કે ચસકવા ન દે!!!

એક ભવ હોય તો સમજ્યા સાત ભવ જળોની જેમ સજ્જડબમ ચોંટી રહે. ઉખડવાનું નામ નહીં .

હમણા હેલસિંકી શહેરમાં લાઇફટાઇમ

પનોતી, સોરી પત્નીને ઉપાડીને સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ૩૭ દંપતીઓએ ભાગ લીધા હતા.જેમાં એસ્ટોનિયાના ઇમર દંપતિ વિજયી થયેલ હતા.તેને ઇનામમાં ૧૫૦૦ ડોલર એટલે રૂપિયા ૧.૦૫ લાખ મળ્યા અને પત્નીના વજન જેટલો વાઇન મળ્યો.

રાજુ રદીને પણ આવી રેસમાં ભાગ લેવો છે પણ ખાટલે મોટી ખોટ એ છે કે પલંગમાં એ જમણી બાજુએથી ચડીને સુએ છે અને ડાબી બાજુએથી ઉતરે છે!!!

ભરત વૈષ્ણવ
૧૧.૭.૨૦૨૨.

# ગુરૂપૂર્ણિમા


આમ જોવા જઈએ તો આખા વર્ષ દરમિયાન અનેક પૂર્ણિમા આવે છે જેમ કે, શરદ પૂર્ણિમા, કાર્તિકિ પૂર્ણિમા, વૈશાખ પૂર્ણિમા વગેરેપ પરંતુ આ બધામાં અષાઢી પૂર્ણિમા થોડી વધારે ખાસ તો ખરી જ કેમકે અષાઢી પૂર્ણિમા ગુરુ પૂર્ણિમા તરીકે ઉજવાય છે. જ્ઞાન મેળવવા માટે ગુરુનું હોવું અતિ આવશ્યક છે. આદિ ગુરુ મહર્ષિ વેદ વ્યાસનો જન્મ અષાઢ પૂર્ણિમા પર થયો હતો. તેમનાં માનમાં અને ગુરુનું મહાત્મ્ય સમજવા માટે તથા એમનાં પ્રત્યેનાં પૂજ્યભાવને પ્રગટ કરવા માટે અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરુ પૂર્ણિમાનાં પર્વ તરીકે ઉજવવામાં આવે છે.

અષાઢ મહિનામાં આવતી પૂર્ણિમાની ખબર પડતી નથી. હું એટલું ચોક્કસ કહીશ કે આજે અષાઢી પૂનમનો ચાંદ ખાસ જોજો. આકાશમાં વાદળો છવાયેલા હોય છે અને ચંદ્ર દેખાતો નથી. ચંદ્ર વગરની કેવી પૂર્ણિમા ! તમે ક્યારેય કલ્પના કરી શકો છો ? ચંદ્રનાં ચમકતાં કિરણો વિના, પૂર્ણ ચંદ્રનો અર્થ શું હશે ? જો પૂર્ણ ચંદ્રનો ઉલ્લેખ કરવામાં આવે તો શરદ પૂર્ણિમાને કેમ શ્રેષ્ઠ માનવામાં આવે છે ?અષાઢની પૂર્ણિમાની પસંદગી પાછળ ખૂબ ઊંડો અર્થ રહેલો છે. ગુરુ સંસ્કૃતમાંથી ઉતરેલો શબ્દ છે. શાસ્ત્રોમાં 'ગુ' નો અર્થ અંધકાર અને 'રુ' એટલે તેમાંથી બહાર લાવનાર. આ મુજબ ગુરુનો અર્થ અજ્ઞાન રૂપી અંધકારમાંથી બહાર લાવનાર તથા જ્ઞાન રૂપી પ્રકાશ આપનાર એવો થાય છે. આ અર્થ મુજબ જોવા જઈએ તો ગુરુ પૂર્ણિમાનાં ચંદ્ર જેવા છે, જે પ્રકાશથી ભરેલાં છે અને શિષ્ય અષાઢનાં વાદળો જેવા છે. અષાઢમાં, ચંદ્ર વાદળોથી ઘેરાયેલો છે જેમ ગુરુ વાદળો જેવા શિષ્યોથી ઘેરાયેલા છે. શિષ્ય બધા પ્રકારનાં હોઈ શકે છે. તેઓ કાળા વાદળો જેવાં છે અને તેમાં પણ ગુરુ ચંદ્રની જેમ ચમકી શકે છે. તે અંધકારમય વાતાવરણમાં પણ પ્રકાશ લાવી શકે છે, તે જ ગુરુ પદની શ્રેષ્ઠતા છે.

અષાઢી પૂર્ણિમા ભક્તિ અને જ્ઞાનનાં રસ્તે ચાલતાં સાધકો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ દિવસે આકાશમાં અલ્ટ્રા વાયોલેટ રેડિએશન ફેલાય છે. જેનાં કારણે વ્યક્તિનું શરીર અને મન એક વિશેષ સ્થિતિમાં આવી જાય છે. ત્યારે આ સ્થિતિ સાધક માટે ખૂબ જ લાભદાયી હોય છે. ખગોળ શાસ્ત્રની દ્રષ્ટિએ એની અસર એ થાય છે કે, ધ્યાન વગેરે માટે આ સમય સૌથી ઉત્તમ બની જાય છે. આત્મઉત્થાન અને કલ્યાણ માટે ગુરુ પૂર્ણિમાનો દિવસ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ અતિ ઉત્તમ છે.

આપણી સંસ્કૃતિ અને ધર્મની ઈમારતનો પાયો જ્ઞાન છે. મનુષ્યને જન્મ અને સંસ્કાર આપનાર માતાપિતા પછી એને શિક્ષિત કરનાર ગુરુ કે શિક્ષકનું સ્થાન વિશિષ્ટ છે. જોકે હવે ગુરુ શિષ્યની પરંપરા તો રહી નથી પણ ભારતીય સંસ્કૃતિમાં ગુરુનો ઈતિહાસ આદિકાળથી છે. ગુરૂપૂર્ણિમા એટલે મહાભારતનાં રચયિતા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીનો જન્મદિવસ. આદિ ગુરુ ભગવાન નારાયણ જ વેદવ્યાસનો અવતાર લઈ પ્રગટ થયાં હતાં એવી માન્યતા છે. એમનાં જીવનનો સાર એ છે કે જ્ઞાનનો વિસ્તાર થવો જોઈએ. એ યોગ્ય વ્યક્તિ સુધી પહોંચવું જોઈએ. જ્ઞાન એકલું પૂરતું નથી પણ તેની સાથે કર્તવ્ય, નિષ્ઠા અને સમર્પણ પણ ભળવાં જોઈએ. ભગવાન પણ અવતાર લઈને આવે છે ત્યારે ગુરુ ગૃહે જઈ વિદ્યાભ્યાસ કરી ગુરુ પૂજનનું મહત્વ સમજાવે છે.વેદ-વ્યાસજીનો જન્મ યમુના નદીનાં દ્વીપમાં થયો હતો માટે તેમનું નામ 'દ્વૈપાયન' પડ્યું, શરીરનો રંગ શ્યામ હોવાથી તેમનું નામ 'કૃષ્ણ દ્વૈપાયન' પડયું અને સૌ પ્રથમ વેદોનાં વિભાગ કરવાથી તેઓ 'વેદ-વ્યાસ' તરીકે ઓળખાયા. એજ 'વેદ-વ્યાસજી'નાં સંભારણા એટલે ગુરુપૂર્ણિમા જેને વ્યાસે પૂર્ણિમા કહેવાય છે. એમના પિતા મહામુની પરાશર હતાં અને માતા સત્યવતી. વેદ વ્યાસજીએ ૧૮ પુરાણો અને અનેક ગ્રંથોની રચના કરી છે. તેઓ સંસ્કૃતનાં પ્રખર વિદ્વાન હતાં.

ખરેખર તો ગુરુનાં ગુરુ ભગવાન નારાયણ છે છતાં ભારતીય પરંપરામાં




નારાયણ સુધી લઈ જનાર ગુરુનું અનેરું મહત્વ છે. ભારતીય સનાતન ધર્મનો મૂળ આધાર વેદ, ઉપનિષદ અને ગ્રંથો છે. ગહન વેદોને સરળ ભાષામાં સમજાવી, લોકભોગ્ય બનાવી ઘરેઘરે પહોંચાડનાર જો કોઇ હોય તો તે મહર્ષિ વેદવ્યાસ છે. વિશ્વનો સૌથી મોટો ગ્રંથ જેમાં એક લાખ શ્લોકો છે એવા મહાભારતની રચના પણ તેમણે જ કરી છે. 'બ્રહ્મસૂત્ર' જેવાં તત્વજ્ઞાનથી ભરપુર અદ્વિતીય ગ્રંથની રચના પણ તેમણે કરી હતી. વ્યાસ મુનિએ તેમનાં ચાર મુખ્ય શિષ્યોને વેદોનું જ્ઞાન આપ્યું હતું, 'વૈશમ્ગ્પાયમુનિ'ને યજુર્વેદ, 'જૈમીની' મુનીને 'સામવેદ', 'સુમન્તુમુની'ને 'અર્થવવેદ' જયારે 'સૂતમુનિ'ને ઈતિહાસ અને પુરાણનું જ્ઞાન આપ્યું હતું. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે વ્યાસને પોતાની વિભૂતિ બતાવી છે, સનાતન ધર્મમાં જે સાત ચિરંજીવી છે તેમાંનાં એક વ્યાસ મુનિ પણ ચિરંજીવી છે.વેદ વ્યાસજીએ શ્રીમદ મહાભારત આદિ ગ્રન્થોની રચના અને વેદોનાં ચાર ભાગ કરી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખીને વિશ્વમાં ગુરુ સ્થાને મુકી છે. એવા મહર્ષિ વેદ વ્યાસનાં ઋણને ભારતીય પ્રજા ક્યારેય ભૂલી શકે તેમ નથી. વિશ્વની પ્રજા જ્યારે અંધકારમાં જીવતી હતી ત્યારે ભારત વર્ષમાં ધર્મનો સૂરજ ઝળહળતો હતો જેનાં જ્યોતિર્ધર હતાં મહર્ષિ વેદ વ્યાસ. ગુરુ પૂર્ણિમા બૌદ્ધ ધર્મનાં લોકો માટે પણ ખૂબ જ શુભ તહેવાર માનવામાં આવે છે. આ દિવસે જ ભગવાન બુદ્ધે પ્રથમ ઉપદેશ આપ્યો હતો. જેથી આ દિવસને બુદ્ધ પૂર્ણિમા પણ કહેવાય છે. આ તહેવાર હિંદુઓ, જૈનો અને બૌદ્ધો દ્વારા પોતાનાં ગુરુનો આદર કરવા માટે ખૂબ સન્માનભેર ઉજવવામાં આવે છે.

મને હંમેશા સાચા માર્ગ તરફ દોરવા માટે, મારામાં સંસ્કારોનું સિંચન કરવા માટે, મારાં ઘડતર પાછળ અથાગ પરિશ્રમ કરવાં માટે અને મને જીવનનો સાચો અર્થ સમજાવવાં માટે મારાં સહુ પ્રથમ ગુરુ માતાપિતાની આજીવન ઋણી તો ખરી જ. પણ એ સિવાય આ ગુરુ પૂર્ણિમાનાં પાવન અવસર પર મારાં જીવનનાં ઉત્કર્ષમાં શરૂઆતથી આજદિન સુધી પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે અગત્યનો ભાગ ભજવનાર સૌ ગુરુજનો, શિક્ષકો અને મહાનુભાવોને યાદ કરું છું અને કોટી કોટી વંદન કરું છું. આજનો દિવસ એ ઋણ સ્વીકારનો અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો દિવસ છે. હું રહી કૃષ્ણપ્રેમી એટલે મારે મન તો ગુરુઓનાંય ગુરુ એવાં જગતગુરુ શ્રી કૃષ્ણને મનોમન વંદન કરવાનો દિવસ પણ જેમણે પૃથ્વી પર મનુષ્ય અવતાર લઈને એ તમામ ગુણો પછી એ ક્રોધ હોય, સુખ હોય કે પીડા અનુભવી જાણ્યા અને જીવી પણ જાણ્યા. જીવન જીવવાની સાચી રીત મનુષ્ય તરીકે જીવીને બતાવી. એનાથી ઉત્તમ ગુરુ બીજું કોણ હોઈ શકે? ગુરુપૂર્ણિમા એટલે ભારત વર્ષની સંત પરંપરાને વંદન કરવાનો પણ દિવસ. દરેક વ્યક્તિએ પોતાનાં જીવનમાં ગુરુ અવશ્ય કરવા જોઈએ. ગુરુ પૂર્ણિમાં અંધશ્રદ્ધાનાં આધારે નહિ પણ આદરથી અને યોગ્ય વ્યક્તિ માટે ઉજવાવી જોઈએ. આપ સહુને મારાં તરફથી ગુરુપૂર્ણિમાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ..!!

- વૈભવી જોશી

# ગુરુ વંદના



શ્રી સદગુરુજી નાં શ્રી ચરણોમાં વંદન સાથ ગુરુ વંદના,ગુરુ ઉપદેશ અનુસાર આચરણ સાથ ગુરુ પૂર્ણિમાને વધાવીએ.

તું નોધારાંનો આધાર.અસાધ્ય ની સારવાર.
તને વંદીએ વારંવારગુરુ તણો મહિમા અપરંપાર.
ગુરુ તે તો કાચ ને કંચન કીધાં,આંસુ અમારાં પીધાં.
આશરો તારો હરિદ્વાર.ગુરુ તણો મહિમા અપરંપાર.
હું તો ભટકત દુનિયાનાં છેડે,પાયરીમાં બેસત સાવ છેલ્લે.
ફૂળ અજવાળ્યા તે ભરથાર.ગુરુ તણો મહિમા અપરંપાર.
હળવે હાથે ખૂંદયા અભિમાન.સેવા,સ્મરણ એ જ તારું વરદાન.
હાથ ઝાલી પાર તરાવ્યો સંસાર.ગુરુ તણો મહિમા અપરંપાર.
સત્ય,પ્રેમ ના ધર્મ ને મળાવી.સીધી લીટી તે કર્મ ની કરાવી,
કરુણા ઘોડે કરાવ્યો અસવાર.ગુરુ તણો મહિમા અપરંપાર.
બાકી રહેલાં શ્વાસે રહેજે.ભવસાગરનાં વિશ્વાસે વહેજે.
જિંદગી જેમ મોત સુધારજે કિરતાર.ગુરુ તણો મહિમા અપરંપાર.
અપરાધ કોટિ મારાં માફી આપજે .બંધન કર્મનાં,આ ભવે તો કાપજે.
જેવું તેવું તો ય હું તારું જ બાળ.ગુરુ તણો મહિમા અપરંપાર.
-મિત્તલ ખેતાણી (રાજકોટ,M.૯૮૨૪૨૨૧૯૯૯)

# જયા પાર્વતી વ્રત ની શુભેચ્છાઓ



# જોઈએ

રોગને કાયમી ભગાડે એવી ગોળિયું જોઈએ,
આત્માને અરધે એવું સુંદર ખોળિયું જોઈએ.
તાલીમિત્રોની અક્ષોહિણી સેનાથી વળે શું?
આપણા પર જાન દે એવી ટોળિયું જોઈએ.
વાળ કાળા અને ચામડી તો રૂપાળી જોઈએ,
ચુડેલને જાવા દો,પરી તો ધોળિયું જોઈએ.
માખણ જેવા મુલાયમ હાથમાં પ્યોર કાચની ,
ખનખન ખનખન ખનકે તેવી ચુડિયું જોઈએ.
લખચોરાસીના આંટાફેરા કરવા ન પડે,
મોક્ષ મળે એવા પુણ્યની મુડીયું જોઈએ.
ભરત વૈષ્ણવ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG.S.S NO .0032
વિષય: દ્રષ્ટિ તેવી સૃષ્ટિ
શીર્ષક:મારી દ્રષ્ટિએ
અનેક પ્રશ્નોનો એક જ ઉત્તર હરિૐ.
સ્વર્ગ થી પણ સુંદર એટલે હરિ ૐ.
મારા દિયર જેનું છે મધુભાઈ નામ ,
મારી લાડલી દેરાણી વનિતા છે નામ.
ગુણિયલ છે બાળકો અને સંસ્કારોનો ભંડાર .
બાળકોના કિલકિલાટથી ગૂંજતું હરિૐ ધામ.
મારા દિયરની વાડી અને ગુણિયલ છે લાડી,
જાણે સ્વર્ગ થી પણ સુંદર લાગે વ્રજ ધામ.
આંબાની વાડીમાં કળા કરતો મોર અને એની
મીઠડી છે ઢેલ, આંબે લટકતું આમ્રફળ જાણે અમૃત કહેવાય.
હસતા ચહેરા બધાના જાણે હસ્તાક્ષર લાગે.
દિલથી નમન કરવાનું મન થાય એવું હરિૐ ધામ.
મીના માંગરોલીયા મીનુ.
અમદાવાદ
૧૨/૭/૨૦૨૨

**માનસ આચાર્યદેવો ભવ મહેશ એન.શાહ કથા ક્રમાંક -૮૯૯ દિવસ-૯ તારીખ-૧૦ જુલાઈ**

# ગુરુપૂર્ણિમાના પૂર્વ દિવસો પર શિક્ષકોથી લઈ અને પરમ આચાર્ય સુધીનું સ્મરણ કરાવતી ૮૯૯મી કથાની પૂર્ણાહૂતિ

**સંસારના સમસ્ત ઉહાપોહમાં જે શાંત રહી શકે છે એ આચાર્યનું એક લક્ષણ છે.**
**ગુરુપૂર્ણિમાના દિવસો પર તલગાજરડા આવશો નહીં કારણ કે વર્ષોથી અહીં એ ઉત્સવ બંધ છે.આપ જ્યાં પણ હો આપના ગુરુને સ્મૃતિમાં રાખજો.**
**આગામી ૯૦૧મી રામકથા ૨૩ જૂલાઇથી અગરતલા(ત્રિપુરા)થી શરુ થશે.**



બંદઉ ગુરુપદ પદૂમ પરાગા;
સરુચિ સુબાસ સરસ અનુરાગા.
ગુરુપદ રજ મૃદ મંજુલ અંજન;
નયન અમિઅ દ્રગ દોષ બિભંજન.
આ બીજ પંક્તિઓ સાથે મંડાયેલી

ઓંટારિયો સેન્ટર લોસ એન્જલસ-અમેરિકા ખાતે કોરોના પછીની પહેલી કહી શકાય એવી રામકથાનાં નવમા અને પુર્ણાહુતિ દિવસે ઉપસંહારક વાતો કરતા બાપુએ જણાવ્યું કે યોગ વશિષ્ઠ-જે મહા રામાયણ કહેવાય છે ત્યાં ભગવાન રામ જ્યારે થોડાક ઉદાસ થઈ જાય છે,વનમાં ગયા એ વખતે કૈકયી માં ના વચન પર ઉદાસીનતાનું વ્રત લઈ અને ગયેલા. ભગવાનનો સ્વભાવ પણ રહ્યો છે નિરંતર ઉદાસીન રહે.સાચું-ખોટું જે કંઈ દ્વંદ છે એમાં સમજ ન પડે ત્યારે માણસે ઉદાસીન થઈ જવું જોઈએ. ઉદ-આસિન થોડા ઉપર ઉઠવું જોઈએ, થોડુંક લિફ્ટ થઈ જવું જોઈએ.આ ઘણી મોટી અવસ્થા છે જે બધાને પ્રાપ્ત થતી નથી.પછી વશિષ્ઠ સાથે પ્રશ્નોત્તરી થઈ.આપ તો આચાર્ય,ગુરુ,રઘુવંશના કુલ પુરોહિત છો તો પણ જાણવા માગું છું કે જીવન મુક્ત ગુરુ કોણ છે?એટલે કે સંસારમાં રહેવા છતાં જે મુક્ત છે એવા સદગુરુ ગુરુના લક્ષણ મને બતાવો. પછી વશિષ્ઠજી રામને કહે છે કે હે રાઘવ! આપતો બ્રહ્મ છો તો પણ લોકમંગલ માટે પૂછો છો. ત્રણ લક્ષણ બતાવ્યા.જે ખૂબ જ સરળ તરલ છે.યોગ વશિષ્ઠનો એ મંત્ર છે:

શાંતઃ સંસાર કલનઃ કલવાનપિ નિષ્કલઃ સચ્ચિતોપિ નિષ્તભ્યેત જીવનમુક્તઃ ઈત્તઉચ્ચયતે.ત્રણ લક્ષણ વશિષ્ઠજીએ કહ્યા. સંસારના સમસ્ત ઉહાપોહમાં જે શાંત રહી શકે છે.એ પ્રથમ લક્ષણ છે બધી જ પરિસ્થિતિમાં શાંત રહી શકે,કંઈ પણ થઈ જાય! અને બધી જ કળા હોય,બધી જ વિદ્યા હોય સમસ્ત કળાઓ હોય છતાં પણ નિષ્કળ હોય.વ્યક્તિ પાસે ચિત્ત હોય,સ-ચિત હોય પણ રહેતો હોય એ રીતે જાણે ચિત્ત છે જ નહીં.ચિત્તમાં વિક્ષેપ ન થાય. પ્રથમ લક્ષણ શાંત એવા વિષ્ણુનું છે.બીજું લક્ષણ નિસ્ કળ શિવનું અને ત્રીજું લક્ષણ પણ વિષ્ણુનું છે. ગુરુપૂર્ણિમાનું પર્વ બે દિવસ પછી આવી રહ્યું છે ત્યારે બાપુએ કહ્યું કે પોતાની વિવેક દ્રષ્ટિથી આવા બુદ્ધ પુરુષને આપણે પરખીએ.અને ગુરુને આપણે પારખી પણ ન શકીએ તો જે પણ ગુરુના આશ્રયમાં રહીએ છીએ એનો અપરાધ ક્યારેય ન થઈ જાય એનું ધ્યાન રાખીએ.

બાપુએ જણાવ્યું કે ગુરુપૂર્ણિમાના દિવસો પર તલગાજરડા આવશો નહીં કારણ કે વર્ષોથી અહીં કોઈ ઉત્સવ નથી.આપ જ્યાં પણ હો આપના ગુરુને સ્મૃતિમાં રાખજો.દરેક ગુરુપૂર્ણિમાની પહેલા હું આ કહેતો આવ્યો છું.પોતપોતાના ઘરમાં રહી ગુરુની સ્મૃતિમાં રહેજો.તલગાજરડામાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઘણા વર્ષોથી બંધ છે.બાપુએ કથાને વિરામ આપતા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી અને જણાવ્યું કે હું કોશિશ કરીશ કે એક વર્ષ પછી ફરી અમેરિકા આવી શકું.આ કથાનું જે કંઈ ફળ છે એ ભૂતકાળના,વર્તમાનનાં અને ભવિષ્યના આચાર્યોને સમર્પિત કરીને કથાને વિરામ આપ્યો.હવે પછીની ૯૦૧મી-રામકથા આગામી ૨૩ જુલાઈથી ૯૦૧મી અગરતલા(ત્રિપુરા)ખાતે માનસ અતિથીદેવો ભવ વિષય પર શરૂ થઈ રહી છે.આ રામકથાનું જીવંત પ્રસારણ પ્રથમ દિવસ-શનિવારે સાંજે ચાર વાગ્યાથી અને એ પછીના દિવસોથી પૂર્ણાહુતિ સુધી સવારે ૯:૩૦ વાગ્યે આસ્થા ટીવી ચેનલ અને ચિત્રકૂટધામ તલગાજરડા યુ-ટ્યુબ ચેનલ પરથી થશે.

# અમારું માનવું છે કે નિર્દોષ લોકોના જીવની કિંમતે કોઈ સમાધાન નીકળી શકે નહીં સંયુકત સુરક્ષા પરિષદમાં ભારતનું નિવેદન

નવીદિલ્હી,તા.૧૨

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ૧૩૯ દિવસથી યુદ્ધ ચાલુ છે. રશિયા સતત યુક્રેનના અનેક શહેરો પર હુમલો કરી રહ્યું છે. ત્યારબાદ યુક્રેનના કેટલાય શહેર તબાહ થઈ ગયા છે અને લાખો લોકો બેઘર થઈ ગયા છે. રશિયા અને યુક્રેન વચ્ચે થઈ રહેલા યુદ્ધ અંગે ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં નિવેદન આપ્યું છે. ભારતીય સ્થાયી મિશનના કાઉન્સિલર પ્રતિક માથુરે યુએનએસસીમાં કહ્યું કે ભારત યુક્રેનની સ્થિતિ અંગે ખુબ ચિંતિત છે અને અમે યુક્રેનના લોકોની પીડા ઓછી કરવા માટે તમામ પ્રયત્નોનું સમર્થન કરીએ છીએ. ભારતીય સ્થાયી મિશનના કાઉન્સિલર પ્રતિક માથુરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહ્યું કે ભારત યુક્રેનની સ્થિતિ અંગે ખુબ ચિંતિત છે. સંઘર્ષના પરિણામસ્વરૂપ પોતાના લોકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધો માટે જીવન અને અગણિત દુખોનું નુકસાન થયું છે. તેમણે વધુમાં કહ્યું કે અમારું માનવું છે કે નિર્દોષ લોકોના જીવની કિંમતે કોઈ સમાધાન નીકળી શકે નહીં. અમે એ વાત દોહરાવવાનું ચાલુ રાખીએ છીએ કે વૈશ્વિક વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય કાયદો, સંયુક્ત ચાર્ટર અને ક્ષેત્રીય અખંડિતતા અને રાજ્યોની સંપ્રભુતાના સન્માન પર આધારિત છે. પ્રતિક માથુરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કહ્યું કે અમે યુક્રેનના લોકોની પીડા ઓછી કરવા માટેના તમામ પ્રયત્નોનું સમર્થન કરીએ છીએ. ખાસ કરીને યુક્રેન અને રશિયા સંઘ વચ્ચે વાતચીતને પ્રોત્સાહિત કરીએ છીએ. પ્રતિક માથુરે કહ્યું કે લાખો લોકો બેઘર થઈ ગયા અને પાડોશી દેશોમાં શરણ લેવા માટે મજબૂર થયા. સંઘર્ષની શરૂઆતથી ભારત સતત તમામ શત્રુતાઓને સંપૂર્ણ રીતે અલગ કરવાનું આહ્વન કરે છે અને શાંતિ, સંવાદ અને કૂટનીતિના ભાગની વકાલત કરતું રહ્યું છે.

# સત્ય ની આંખે (ભાગ- ૧૯)

## "ભ્રષ્ટાચાર અને લાંચરૂશ્વત"




ભ્રષ્ટ અને અધમ આચરણ નો અખાડો છે આજનું રાજકારણ.

સામાન્ય નાગરિક લાંચ એટલે કાયદેસરનું સરાકારી કામ કરાવવા માટે આપવા પડતા રૂપિયા તેટલું જ સમજે છે, પરંતુ લાંચ શબ્દનો વિશાળ અર્થ થાય છે. લાંચ એટલે ફક્ત નાણાકીય વ્યવહાર જ નહીં, પરંતુ સરકારી કર્મચારીને પોતાની કામગીરી કરવા માટે કે ન કરવા માટે આપવામાં આવતી ભેટ, સોગાદ કે બક્ષિસ વગેરે વસ્તુનો પણ સમાવેશ થાય છે.

ઉદાહરણ તરીકે કોઈ અધિકારીને કપડા કે મિઠાઈની ભેટ આપવી અથવા કોઈના ઘરે ટીવીની વ્યવસ્થા કરી આપવી વગેરે.

ભ્રષ્ટાચાર આપણા દેશની સૌથી ગંભીર સમસ્યા છે અને સૌ દેશવાસી ઈચ્છે છે કે દેશમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ થાય. આપણે અવારનવાર સરકારી કચેરીઓમાં જતા હોય છીયે અને મજબુરીવશ લાંચ આપવી પડે છે. કાયદાની જાણકારીના અભાવે ફરીયાદ કરવાની ઈચ્છા હોવા છતાય આપણે ફરીયાદ કરી શકતા નથી.

ભ્રષ્ટાચાર અને લાંચ રૂશ્વત એ સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના છુપા દુશ્મનો હોવાનું જાણીએ છીએ છતાં જ્યારે આવું કરનાર મોટા માથાઓ સામે ફીટકાર વરસાવીએ ત્યારે આપણે આપણા અંતરામત્માને પણ પુછવું રહ્યું કે ઓછા વત્તા અંશે આ બીમારી આપણને તો વળગી નથી ને! અન્યના નાણાંના ઉપયોગ દ્વારા નોકરી, ધંધા, સંસ્થા કે મંદિરની સેવાકીય પ્રવૃત્તી અથવા તો ધાર્મિક વહીવટમાં પોતાની કટકી કાઢી લેવાની તેમજ પોતાનું કરી લેવાની આ દાનત ભારતીયોમાં છે અને તે વિશ્વમાં જગજાહેર છે.ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે અત્યારે સૌથી વધારે સોશીયલ મિડીયા નો ઉપયોગ કરી શકાય છે.

આપણી આજુબાજુ ચાલતા દરેક ભ્રષ્ટાચારને આપણે આ સોશિયલ મીડિયાની મદદથી દેશની સામે લાવી શકીએ છીએ નહિ કે તેનો ભોગ બનીને ! ભ્રષ્ટાચાર નાબૂદ કરવો હોય તો પહેલા પોતાની જાતને ભ્રષ્ટાચાર થી અલગ કરવી પડશે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

**એમસીએક્સસીસીએલે ફ્રી ટ્રેડ વેરહાઉસિંગ ઝોનમાં બેઝ મેટલ્સ માટે પહેલા વેરહાઉસને માન્યતા આપી**

સોનાના વાયદામાં રૂ.૬૪નો સુધારોઃ ચાંદી રૂ.૬૬૩ નરમઃ ક્રૂડ તેલનો વાયદો બેરલદીઠ રૂ.૩૫૯ લપસ્યોઃ કોટન, મેન્થા તેલમાં વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૩૫૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૪૪૩૬ કરોડનું ટર્નઓવર

મુંબઈ: મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ક્લિયરિંગ કોર્પોરેશન લિમિટેડ (“એમસીએક્સસીસીએલ”)એ આર્શિયા ફ્રી ટ્રેડ વેરહાઉસિંગ ઝોન (“એફટીડબ્લ્યુઝેડ”) પનવેલ, મુબઈમાં માર્જિનના હેતુ માટે ગીરવે મુકવામાં આવતા બેઝ મેટલ્સના સંગ્રહ માટે વેરહાઉસને માન્યતા આપી છે.

એમસીએક્સસીસીએલે એફટીડબ્લ્યુઝેડ ખાતે મેટલની ડીપોઝીટને સમાવવા માટે જામીનગીરી (કોલેટરલ)ના વ્યાપમાં વધારો કર્યો છે. તે એવા ગ્રાહકોને લાભકર્તા હશે જેઓ જકાત ચૂકવણી અને ક્લિયરિંગની ઝંઝટમાં પડ્યા વિના લાંબા ગાળા સુધી પોતાનો માલ જાળવી રાખવા માગતા હોય. આ રીતે તેઓ પ્રતિબદ્ધ બાયર (ગ્રાહક) વિના માલના ક્લિયરિંગને ટાળી શકે છે અને તેના બદલે તેઓ કાર્ગોને અન્ય સ્થળે (ડેસ્ટિનેશન) પર વાળી શકે છે. એફટીડબ્લ્યુઝેડ ખાતેના હોલ્ડિંગના આ પ્રકારના સમયગાળા દરમિયાન, આયાતકારો હવે એમસીએક્સ પર હેજ કરી શકે છે એટલુ જ નહી પરંતુ એમસીએક્સસીસીએલ પાસે જામીનગીરી તરીકે મેટલને ગીરવે મુકવાની સવલત પણ પ્રાપ્ત કરી શકે છે. આ જામીનગીરીમાં આયાત જકાત અને વાહનવ્યવહાર ખર્ચની ગોઠવણી કર્યા બાદ જે ઓછુ મૂલ્ય આવે તેની પર 30% આવશ્યક નુકસાન રહેશે.

માલને આવશ્યક રીતે ક્લિયર કરવાનો રહેશે અને ત્યાર બાદ એમસીએક્સસીસીએલ માન્ય વેરહાઉસમાં તો જ જમા કરાવવાનો રહેશે જો આયાતકાર એક્સચેન્જ પર માલની ડિલવરી આપવા માગતો હોય.

“એફટીડબ્લ્યુઝેડ કનેક્ટની સવલત પૂરી પાડીને અમે આયાતકારને માર્જિનના લાભ મેળવવાના વધારાના ફાયદા સાથે હેજ કરવા માટે એક્સચેન્જ પર ભાગીદારી કરવાનું આમંત્રણ આપીએ છીએ. અમે પ્રોડક્ટ એડવાઈઝરી કમિટી અને સેબીનો સમગ્ર પ્રક્રિયા દરમિયાન અમને માર્ગદર્શન આપવા બદલ આભાર માનીએ છીએ”, એમ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ક્લિયરિંગ કોર્પોરેશન લિમિટેડ (એમસીએક્સસીસીએલ)ના એમડી અને સીઈઓ નરેન્દ્ર અહલાવતે જણાવ્યું હતુ.

દરમિયાન, એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૮૧,૧૩૬ સોદાઓમાં કુલ રૂ.૨૫,૮૨૬.૨૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૩૫૨.૬૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૪૪૩૬.૧૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૮,૫૧૯ સોદાઓમાં કુલ રૂ.૫,૧૫૭.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૬૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૭૯૪ અને નીચામાં રૂ.૫૦,૫૨૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૪ વધી રૂ.૫૦,૭૦૮ના ભાવે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૭૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૭૮૦ અને નીચામાં રૂ.૫૬,૦૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૬૩ ઘટી રૂ.૫૬,૨૬૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૭,૨૧૦ સોદાઓમાં રૂ.૨,૬૮૫.૨૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૦૫ વધી રૂ.૨૦૭ અને જસત જુલાઈ વાયદો રૂ.૧.૦૫ ઘટી રૂ.૨૭૫ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૯૫ ઘટી રૂ.૬૩૭.૯૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૭૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૯,૭૧૧ સોદાઓમાં કુલ રૂ.૩,૪૫૯.૯૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૧૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૧૬૨ અને નીચામાં રૂ.૭,૮૩૮ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૫૯ ઘટી રૂ.૭,૮૯૫ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૩૦ વધી રૂ.૫૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૮૮ સોદાઓમાં રૂ.૪૯.૯૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જુલાઈ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૪,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૪,૨૫૦ અને નીચામાં રૂ.૪૩,૫૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ વધી રૂ.૪૩,૭૧૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૩૦ વધી રૂ.૧૦૦૬.૯૦ થયો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૭.૪૩ કરોડનાં ૫૩૩ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૪,૦૭૫ના સ્તરે ખૂલી, ૫૨ પોઈન્ટ ઘટી ૧૪,૦૨૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૪,૪૩૬.૧૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૪.૨૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૩.૮૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨,૫૦૯.૬૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૫૧૬.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૮૧.૭૪ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૭ અને નીચામાં રૂ.૯૭ રહી, અંતે રૂ.૧૪૪.૯૦ ઘટી રૂ.૧૧૦.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૦.૪૦ અને નીચામાં રૂ.૧૯.૯૫ રહી, અંતે રૂ.૭.૪૦ વધી રૂ.૨૭.૧૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૦ અને નીચામાં રૂ.૩૭૦ રહી, અંતે રૂ.૧૬.૫૦ વધી રૂ.૪૩૫ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૫.૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૧૩.૩૦ અને નીચામાં રૂ.૧૩૨.૭૦ રહી, અંતે રૂ.૧૪૮.૯૦ વધી રૂ.૨૭૮.૩૦ થયો હતો.

### ડાંગમા ભારે વરસાદથી રસ્તા ઉપર વૃક્ષ ધરાશાઈ થયા

# જિલ્લા ટ્રાફિક શાખાની ટીમ દ્વારા ભારે જહમતથી દુર કરવામા આવ્યા

આહવાઃ તાઃ ૧૨ઃ ડાંગ જિલ્લામા ભારે વરસાદની પરિસ્થિતી સર્જાતા ઠેર ઠેર માર્ગો ઉપર ભેખડ, માટી, પથ્થરો અને વૃક્ષો ધસી જવાથી વહાન વ્યવહાર ખોરવાયો હતો.

ગતરોજ આહવા-સાપુતારા-વધઈના માર્ગ પર માટી ધસી પડતા, જિલ્લા ક્લેક્ટર શ્રી ભાવિન પંડ્યાએ વૈકલ્પિક માર્ગના ઉપયોગની અપીલ કરી હતી.

સાપુતારા થી આહવા આવતા રોડ પર વરસાદને કરને ઠેર ઠેર મહાકાય વૃક્ષો ધરાશાઈ થવાથી રસ્તો સંપુર્ણ બંધ થયેલ હતો. પંરતુ ડાંગ જિલ્લા પોલીસની ટ્રાફિક શાખાના જવાનો દ્વારા જિલ્લા પોલીસવડા શ્રી રવિરાજસિંહ જાડેજા તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે.જે.ગામીતના માર્ગદર્શન હેઠળ, ૧) રોહિતસિંહ અજજુભા ડોડીયા પો.કો, ૨) બળદેવસિંહ મ્હોબતસિંહ મકવાણા હે.કો, ૩) હુસેનભાઈ જુંમભાઈ વાણી હે.કો, ૪) સંજયભાઈ રઘાભાઈ કાંટારિયા પો.કો, ૫) કિશોરભાઈ તુકારામ ભાઈ ભોંયે પો.કો, ૬) મુકેશભાઈ સંભુભાઈ કાનાણી એ. એસ.આઈ, ૭) અશોકભાઈ મુકુંદભાઈ કામડી પો.કો, ૮), જગદીશભાઈ ભલાભાઈ જંબુચા પો.કો, ૯) કમલેશભાઈ ગવળી જીઆરડી જેઓએ અધ્યતન સાધનોનો ઉપયોગ કરી અડધા જ કલાકમા સંપૂર્ણ મલબો જગ્યા પરથી હટાવી, રસ્તો ખુલ્લો કરાયો હતો.

રાત્રીના સમયે વરસતા વરસાદમા આ જવાનોએ પોતાની ચિંતા કર્યા વગર પ્રજાહિત અર્થે ભારે



જહેમત પુર્વક આ કામગીરી કરીને, ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આ પોલીસ જવાનોની કામગીરીને ટ્વિટરના માધ્યમથી બીરદાવી હતી.

નરેન્દ્ર પવાર,ડાંગ

# સબસિડીની લોન મેળવી ગાય ખરીદી હવે ઘરબેઠા રોજગારી પ્રાપ્ત થઈ છેઃ શ્રીમતી અરુણાબેન રાઉત

**સહકારી મંડળીઓ દ્વારા ઘરઆંગણે રોજગારી મેળવી અને સ્થળાંતરની પ્રક્રિયા બંધ થઈ – ડાંગના ગ્રામ્ય વિસ્તારમા ડેરી વિકાસ યોજના**

ડાંગ,

ડાંગ જિલ્લાના આર્થિક ઉત્થાનમા સહકારી પ્રવૃત્તિઓનુ સ્થાન અગ્રેસર રહ્યુ છે. રાજ્યના દક્ષિણ વિસ્તારમા આવેલ આદિવાસી જિલ્લો પોતાની દુર્ગમ પરિસ્થિતિના કારણે ઝડપી વિકાસથી અવરોધાય રહ્યો હતો. પરંતુ સહકારી ક્ષેત્રમા પ્રગતિ થતા જિલ્લાના લોકો સ્થળાંતર કરતા મહદઅંશે અટક્યા છે. લોકોને પોતાના ગામમા જ ઘરઆંગણે રોજગારી મળી રહે છે.

ડાંગ જિલ્લામા સ્થાનિક રોજગારીની સીમિત તકો વચ્ચે લોકો વર્ષોથી આસપાસના જિલ્લાઓમા તેમજ નજીકના મહારાષ્ટ્ર રાજયમા રોજગારી અર્થે સ્થળાંતર કરતા હોય છે. આ સમસ્યાના નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા ડાંગ જિલ્લામા ડેરી ઉધોગને વેગવંતો બનાવ્યો છે. નવસારી જિલ્લાના ચીખલી પાસે આવેલ આલીપોરની વસુધરા ડેરીના સહયોગથી ડાંગ જિલ્લામા હાથ ધરાયેલી ડેરી પ્રવૃતિના કારણે લોકોને ઘરઆંગણે રોજગારી મળી છે, મહિલાઓ આર્થિક રીતના પગભર થઈ છે. તેઓ ખેતીની સાથે પશુપાલનના વ્યવસાયને



પ્રાધાન્ય આપી રહી છે.

ડાંગ જિલ્લાનુ ચિરાપાડા જે મહારાષ્ટ્ર બોર્ડર થી ૧૦ ફક્ત કી.મી જ દૂર આવેલ છે. અહીં ચોમાસુ ખેતી બાદ બહારગામ મહારાષ્ટ્રમા રોજગારી માટે સ્થળાંતર કરવુ પડતુ હતુ પરંતુ હવે સ્થળાંતરનો પ્રશ્ન હલ થયો છે.

આ ગામની દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલ મહિલા શ્રીમતી અરુણાબેન રાઉત જણાવે છે કે, તેઓને સબસિડીની લોન મળી, તેઓએ ગાય ખરીધી, ગામમા દૂધ ડેરી આવી અને ઘરઆંગણે જ તેઓને રોજગારી મળતી થઈ. હવે રોજગારી માટે તેઓને બહારગામ જવુ પડતુ નથી.

ડેરી ઉત્પાદન સાથે જોડાયેલી અન્ય ગામની મહિલાઓ શ્રીમતી સંગીતાબેન બોરસે અને શ્રીમતી શેવન્તિબેન બોરસે જણાવે છે કે,તેઓએ ઘરઆંગણે દૂધ ભરવાનુ ચાલુ કર્યું ને તેઓને ઘરઆંગણે જ રોજગારી મળી. ડેરી ઉત્પાદનની આવકથી તેઓના ઘરનુ ગુજરાન ચાલે છે. બાળકોને શાળામા ભણાવવામા કે અન્ય આર્થિક પરિસ્થિતિમા તેઓને દૂધ ઉત્પાદનની આવક પુરી પડી રહે છે.

ચિરાપાડા ગામના અગ્રણી હીરાભાઈ રાઉત જણાવે છે કે, પહેલા લોકો ફક્ત મોસમ આધારિત ખેતી ઉપર નિર્ભર હતા, પરંતુ જિલ્લામાંથી તેઓને પશુપાલન વ્યવસાય અંગે માર્ગદર્શન પૂરું પાડવામા આવ્યુ, સબસિડીની ગાયો મળી, ગાયો ખરીદી કરીને ગ્રામજનોએ ખેતીની સાથે પશુ વ્યવસાય શરૂ કર્યો. ગામમા ડેરી આવી અને વધુ ને વધુ ગ્રામજનો ડેરી સાથે જોડાતા ગયા. આજે આ ગામમા ડેરી ઉધોગના કારણે સ્થળાંતર ની પ્રક્રિયા અટકી છે અને ઘરઆંગણે જ લોકોને રોજગારી મળી છે.

ડાંગ જિલ્લામા શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમા કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટેની પ્રોત્સાહક યોજના, અનુસૂચિત જનજાતિના પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાણ સહાય, સામાન્ય જાતિના પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાણ સહાય ૧૦૦% યોજના પૂર્ણ થઈ છે. જ્યારે અનુસૂચિત જનજાતિના પશુપાલકોના વિયાણબાદ પશુઓને ખાણદાણ સહાય, તેમજ દુધાળા પશુ ખરીદી પર ૫૦% સહાય યોજના પૂર્ણ થઈ છે.

ડાંગ જિલ્લાના આદિજાતિના બી.પી.એલ કુટુંબોની આવક બમણી કરવાના ઉદ્દેશ્યથી સંકલિત ડેરી વિકાસ યોજના અમલીકરણ બની છે. આ યોજના હેઠળ, રૂ.૫૪,૪૦૦/- યુનિટ કોષ્ટ નક્કી કરવામા આવી છે. જેમા રૂ.૧૭,૪૦૦/- કેદ્ર સરકારની સહાય, અને રૂ.૧૫,૦૦૦/- રાજ્ય સરકારની સહાય, તથા રૂ.૨૦,૦૦૦/- લોન ઉપરાંત રૂ.૨૦૦૦/- નો લાભાર્થી ફાળાનો સમાવેશ થાય છે. આ યોજનાના લાભાર્થીઓને એક ગાય દીઠ માસિક સરેરાશ રૂ.૬૪૦૦/- જેટલી ચોખ્ખી આવક મળી રહે છે.

ડાંગ જિલ્લામા સ્થળાંતર પ્રક્રિયા બંધ થાય તેમજ લોકો આર્થિક રીતના પગભર બને તે માટે સરકાર દ્વારા પશુ પાલનની યોજના અમલમા મુકવામા આવી છે જેનો લાભ અનેક ગામડાઓમા મળ્યો છે. ડાંગ જિલ્લામા ૨૫૫ જેટલી દૂધ મંડળીઓ અસ્તિત્વમા છે. જે પૈકી ૨૪૬ દૂધ મંડળીઓ મહિલા સંચાલિત દૂધ મંડળીઓ છે. આ તમામ ડેરીઓ કાર્ય કરી રહી છે. લોકોને સ્થાનિક કક્ષાએ રોજગારી આપવાની સાથે સ્થળાંતર પ્રક્રિયા અટકાવવા માટે ડેરી ઉધોગનો મહત્વનો ફાળો રહ્યો છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌશાળાઓ - પાંજરાપોળોમાં તથા બિનવારસી ગાય, ભેંસમાં લમ્પી વાયરસની નિઃશુલ્ક સારવાર કરતું અર્હમ યુવા સેવા ગ્રુપ અને એનીમલ હેલ્પલાઈન


રાજકોટ,

। અત્યાર સુધીમાં ૬૦૦૦ ગાય, ભેંસને અર્હમ યુવા સેવા ગ્રુપ અને એનિમલ હેલ્પલાઈન દ્વારા નિઃશુલ્ક રસી અપાઈ

। આ ભગીરથ કાર્યમાં રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં મળતા સતત આશીર્વાદ

ગૌ ધન, ભેંસમાં લમ્પી સ્કીનનો રોગ શરૂ થયો છે. સારવાર કરવાથી આ રોગને કાબૂમાં લઈ શકાય છે. આ રોગથી કોઈપણ વ્યકિતને ડરવાની જરૂરી નથી કારણ કે આ રોગ માત્ર પશુઓમાં જ જોવા મળે છે. લમ્પી સ્કીન ડીસીઝ એ એક ગંભીર રોગ થઈ શકે (જો પુરતી સારવાર ન મળે તો) તે પ્રકારનો વાયરલ રોગ છે. જે ગાય અને ભેંસમાં વધુ જોવા મળે છે. આ રોગનો ફેલાવો ખાસ કરીને પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જે પશુને આ રોગ થયો છે તે બીજા પશુઓના સંપર્કમાં આવવાથી ફેલાય છે ખાસ કરીને જંતુઓ અને મચ્છરથી વધુ ફેલાવો થાય છે.

આ રોગના મુખ્ય લક્ષણો ચામડીમાં ગાંઠ થવી, ઉચ્ચ તાવ આવવો, નબળાઈ આવવી, પશુઓનું ખાવા-પીવાનું છોડી દેવું, લાળ પડવી, ચામડી પર અલ્સર પડવા, આ રોગને નિયંત્રણમાં લાવવા માટે ઈન્ફેકશન થઈ ગયું તેવા પશુઓને અલગ કરવા અને તુરંત જ પશુ ડોકટરનો સંપર્ક કરીને સારવાર કરાવવી. રાજકોટમાં રસ્તે




રઝડતા, નિરાધાર પશુઓમાં તેમજ ગૌ શાળા, પાંજરાપોળમાં આ પ્રકારના લક્ષણો જોવા મળે તો તુરંત જ અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / મો. ૯૮૯૮૯૯૪૯૫૪) પર સંપર્ક કરવાથી રાજકોટમાં નિઃશુલ્ક તબીબી સારવાર મળશે. અથવા ગુજરાત સરકારની કરૂણા એમ્બ્યુલન્સ નાં ટ્રોલ ફી નં. ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે. અથવા નજીકના સરકારી પશુ દવાખાનાનો સંપર્ક કરીને આ પ્રકારના રોગની આપની આસપાસ રસ્તે-રઝડતા પશુઓની સારવાર કરાવવી. અત્યાર સુધીમાં એનિમલ હેલ્પલાઈન દ્વારા શેની એનિમલ હેલ્પલાઈન, શ્રીજી ગૌશાળા, સદભાવના બળદ આશ્રમ, કામધેનુ ગૌશાળા, વિશ્વનીડમ ગુરુકુલમ્ – ઈશ્વરીયા, વિજયાવંત ગૌ શાળા, કામધેનુ ગૌશાળા – કોઠારીયા, મામાપીર ગૌશાળા કોઠારીયા, બટુક મહારાજ ગૌશાળા, ગાયત્રી આશ્રમ રતનપર, રામચરિત



ગૌશાળા રતનપર, ચંદ્ર મોલેશ્વર ગૌશાળા, ઓમ શાંતિ ગૌશાળા, નંદિની ગૌશાળા, સુરભિ સંપદા ગૌ શાળા જેવી ગૌ શાળાઓમાં તથા કચ્છ જિલ્લો, સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ગૌશાળાઓ - પાંજરાપોળોમાં જઈને ગાય અને ભેંસને ૬૦૦૦થી વધુ લમ્પી રોગની નિઃશુલ્ક રસી મુકાવવામાં આવી છે. અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઇન, રાજકોટ ના આ ભગીરથ કાર્યમાં રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં સતત આશીર્વાદ મળી રહ્યા છે.

લમ્પી વાયરસ અંગે સારવાર કરાવવા અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ– એનીમલ હેલ્પલાઈન, રાજકોટ મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / મો. ૯૮૯૮૯૯૪૯૫૪ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.




**સુરેન્દ્રનગર ના યુવા વૈદ્ય ને " આરોગ્ય રત્ન ' એવોર્ડ થી સન્માનિત કર્યાઃ- સુરેન્દ્રનગર ના યુવાન વૈદ્ય ડો.અક્ષય ધનેશચંદ્ર રાવલ ને તાજેતર માં બેંગ્લોર ખાતે હોલિસ્ટિક મેડીસીન રીસર્ચ ફાઉન્ડેશન ( HMRF) દ્વારા યોજાયેલ 'World Congress of Traditional Medicine' અંતર્ગત તેમણે કરેલા વિવિધ ચિકિત્સા પ્રણાલી ના અભ્યાસ અને સંશોધનો તથા સેવાકાર્યો ના કારણે આરોગ્યક્ષેત્ર માટે 'આરોગ્ય રત્ન એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે .**

### વંદે ગુજરાત વિકાસ યાત્રા, જિલ્લો ડાંગ

# ડાંગની 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' આજે ભેંસકાતરી અને ઝાવડા મુકામે પહોંચશે

આહવાઃ તાઃ ૧૨ઃ ડાંગના આંગણે આવી પહોંચેલી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' ગુજરાતના વિસ વર્ષોના વિકાસની ગાથા સાથે, અનેકવિધ પ્રવૃત્તિઓ લઈને ડાંગના ડુંગરાઓ ખુંદી રહી છે. ત્યારે યાત્રાના નવમા દિવસે, એટલે કે તા.૧૩/૭/૨૦૨૨ ના રોજ આ યાત્રા જિલ્લા પંચાયતની કોશીમદા બેઠકમા સમાવિસ્ટ ભેંસકાતરી, ઝાવડા અને ચિકાર ગામોને લાભાન્વિત કરશે.

'વંદે ગુજરાત વિકાસ યાત્રા'ના નિયત કરાયેલા રૂટ મુજબ આજે સવારે યાત્રા ભેંસકાતરી મુકામે પહોંચશે.

અહી ગામના લાભાર્થીઓને વિવિધ લાભો એનાયત કરવા સાથે, આ ગામોના કેટલાક વિકાસ કામોનુ ખાતમુહુર્ત અને લોકાર્પણ પણ, યાત્રા સાથે જોડાયેલા મહાનુભાવોના હસ્તે કરાશે. ત્યાર બાદ આ યાત્રા સાંજે ઝાવડા મુકામે પહોંચી ઉપર મુજબના કાર્યક્રમો કરશે. અહી સાંસ્કૃતિક કાર્યક્રમના સથવારે વિવિધ યોજનાકીય જાણકારી પણ ગ્રામજનોને પૂરી પડાશે.

નરેન્દ્ર પવાર
ડાંગ

# ચાણસ્મા કોર્ટ દ્વારા ચેક બાઉન્સના કેસમાં આરોપીને બે વર્ષની સજા ફટકારી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામના રહીશ મોતીભાઈ મયજીભાઇ દેસાઇએ અમદાવાદ નિવાસી લલિતકુમાર સાંકળાજી સુથારને રૂપિયા ૫.૩૦.૦૦૦/- હાથ ઉછીના આપેલા.જે નાણાં પરત નહી આપતાં ફરિયાદએ એડવોકેટ મુકેશકુમાર પટેલ (મંડલોપ વાળ)ને વકીલ રોકીને ધી. નેગો. ૧૩૮ ની ફરિયાદ ચાણસ્મા કોર્ટમાં કરેલી. સદર કેસ ચાલી જતાં આરોપીને ચાણસ્માના જજ સાહેબશ્રી સુનિલ લલિતકુમાર મહેતાએ આરોપીને બે વર્ષની સજા તથા વળતર પેટે ફરિયાદીને રૂપિયા ૫.૩૦.૦૦૦/- ચુકવી આપવાનો હુકમ કરેલો. ફરિયાદી તરફે મુકેશકુમાર (મંડલોપ વાળા) વકીલની ધારદાર દલીલો અને રજુઆત ના આધારે આરોપી ને સજા કરેલ છે.

**પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ તથા આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે**

# 'ગુજરાતના ઇતિહાસમાં પ્રમુખસ્વામી મહારાજની ભૂમિકા અને પ્રદાન' વિષય પર સેમિનાર યોજાયો

અમદાવાદ, તા.૧૨/૦૭/૨૦૨૨

વિશ્વવંદનીય સંત પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે પ. પૂ. મહંતસ્વામી મહારાજની પ્રેરણાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે, પોતાના જીવનની ક્ષણે-ક્ષણનું બલિદાન આપનાર, અવિરત વિચરણ કરી ગામેગામ અને દેશ-પરદેશમાં પધરામણીઓ કરી, અસંખ્ય લોકોનાં સુખ-દુઃખમાં ભાગીદાર બની, તેમને આત્મીયતાપૂર્ણ વ્યક્તિગત મુલાકાત આપનાર, લોકસેવાનાં વિરાટ કાર્યોની અવિરત વણઝાર વચ્ચે અહોરાત્ર સેવાકીય પ્રવૃત્તિઓ કરી જીવપ્રાણીમાત્રમાં પરમાત્માનાં દર્શન કરી સેવાનો આનંદ લેતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના બહુપરિમાણીય વ્યક્તિત્વને જુદા-જુદા દષ્ટિકોણથી મૂલવતી અને તેઓના દિવ્ય જીવન કાર્યને અર્ઘ્ય આપતી વિવિધ કાર્યક્રમોની શૃંખલાઓ સમગ્ર વિશ્વમાં ચાલી રહી છે.

ગુજરાતમાં ઐતિહાસિક સંદર્ભે પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વનો વિચાર કરીએ ત્યારે કોઇ પણ ક્ષેત્ર તેમની સેવાથી અણસ્પર્શ્યુ રહ્યું નથી. તે અનામત આંદોલનની ડમરી ચડી હોય કે ભૂકંપ, સૂનામી, પૂર જેવી કુદરતી આફતો ખડી થઇ હોય, દુષ્કાળથી પશુઓનું જીવન જવા બેઠું હોય કે લોકોને અનાજ-પાણીના સાંસા પડતા હોય, દવાખાનાઓને રક્તની જરૂર પડી હોય કે નર્મદાનાં નીરથી ગુજરાતની પ્રજા અને પૃથ્વીને તરસી રાખવાના દુષ્પ્રયત્નો થતા હોય, અનીતિને કારણ ઊગતી પેઢી ચારિત્ર્યહીન થઇ રહી હોય કે પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણથી કોઇને કોઇ કારણે બાળયુવાનો વંચિત રહી જતા હોય, નવા જમાનાના વાયરામાં માનસિક રીતે હતાશ થઇ ભાંગી પડેલાં હૈયાં હોય કે સંતાનોએ હડધૂત કરેલ વૃદ્ધોની વેદના હોય. સંસ્કૃતિના ગૌરવ, ઉદ્ધારક અને પોષક સમા ઉત્સવોનો હ્રાસ થઇ રહ્યો હોય કે સંસ્કારોનું સિંચન કરતાં મંદિરોની સમાજને આવશ્યકતા હોય.

આવી રીતે ગુજરાતની વિકાસયાત્રામાં તેમણે આપેલ યોગદાન અને અદ્વિતીય કાર્યોના ઉપલક્ષ્યમાં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે "ગુજરાતના ઇતિહાસમાં



પ્રમુખસ્વામી મહારાજની ભૂમિકા અને પ્રદાન" એ વિષય પર તા.૧૨-૦૭-૨૦૨૨ના રોજ યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ. હિમાંશુ પંડ્યા, વક્તા તરીકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, અમદાવાદના પૂ. અક્ષરવત્સલદાસ સ્વામી, તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામકશ્રી, પ્રો. ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાન તેમજ દીપપ્રાગટ્યથી થઈ. ત્યારબાદ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ શ્રીપ્રમુખસ્વામી મહારાજની આયોજનશક્તિ, નિર્ણયશક્તિ તથા દૂરંદેશિતાથી તેમને કરેલાં વિવિધ માનવ ઘડતરલક્ષી કાર્યોની સ્મૃતિ વીડિયોના માધ્યમથી કરાવાઈ હતી. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના રજીસ્ટ્રારશ્રી, ડૉ. પી. એમ. પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું, તેમજ ભારત દેશ સ્વતંત્ર થયા પછીના ૩ વર્ષ બાદ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી તેની વાત કરી. સાથે સાથે ૭૨ વર્ષની યુનિવર્સિટીની વિકાસ યાત્રાની રૂપરેખા આપી હતી. તથા સેમિનારના આયોજન અંગેની પૂર્વ યોજના વિષે માહિતી આપી હતી તેમજ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય ગુણોની સ્મૃતિ કરી હતી. સંચાલકશ્રીએ વક્તાનો પરિચય આપ્યો હતો. "ગુજરાતના ઈતિહાસમાં પ્રમુખસ્વામી મહારાજની ભૂમિકા અને પ્રદાન" વિષયક વક્તવ્ય રજૂ કરતા પૂ. અક્ષરવત્સલદાસ સ્વામીએ જણાવ્યું કે, "ભારત એ જ્ઞાનની ભૂમિ છે. માણસને જીવન જીવતાં શીખવે એવી ભારતની સંસ્કૃતિ છે. ગુજરાતની ધરતી મહાન સંતોની ભૂમિ છે એટલે જ ભગવાન રામ, કૃષ્ણ અને ભગવાન સ્વામિનારાયણે ઉત્તરમાંથી ખેંચાઈ ગુજરાતને પોતાની કર્મ ભૂમિ બનાવી છે. એવી ગુજરાતની પવિત્ર ભૂમિ છે. ગુજરાતના ઈતિહાસમાં સંતોની ભૂમિકા તરફ લોકોનું ધ્યાન ઓછું ગયું છે.સંતોએ સમયે સમયે સમાજના આત્મામાં ચેતના રેડવાનું કાર્ય કર્યું છે. હેમચંદ્રાચાર્ય, નરસિંહ મહેતા, જલારામ બાપા જેવા અનેક સંત મહાપુરુષોએ ગુજરાતના વિકાસમાં ફાળો આપ્યો છે. તેઓ જે સમયે થયા ત્યારે આપણે હાજર ન હતા પરંતુ પ્રમુખસ્વામી મહારાજ એવા મહાપુરુષ છે કે તે સમયે આપણે હાજર છીએ. તેમનામાં આપણને યુગપુરુષનાં દર્શન થાય છે. જે કાર્ય રાજદંડ ન કરી શક્યું તે કાર્ય સહજાનંદ સ્વામી અને પ્રમુખસ્વામી મહારાજે કરેલું છે.

પ્રમુખસ્વામી મહારાજે બહુ શાંતપણે કાર્ય કર્યું છે. તેમણે ક્યારેય વિદ્વત્તાનો દાવો કર્યો નથી. તેવો પરિવ્રાજક તરીકે હંમેશા રહ્યા છે. ૧૭ હજારથી વધુ ગામડાઓમાં વિચરણ કર્યું છે. ૧.૫ લાખ પત્રો લખી અને ૪૦ લાખ લોકોને રૂબરૂ મળી લોકોના પ્રશ્નો સાંભળી માર્ગદર્શન આપ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.